પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ●અંક : ૧૬૦ ●કુલ પાના : ૪ ● તારીખ : ૦૧-૦૩-૨૦૨૪ શુક્રવાર● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

કેબિનેટની બેઠકમાં સૂર્ય ઘર મફત વીજળી યોજનાથી લઈને સેમિકન્ડક્ટર સુધીના અનેક મહત્વના નિર્ણયો

સૂર્ય ઘર મફત વીજળી યોજનાથી ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે અને વાર્ષિક ૧૫,૦૦૦ હજાર રૂપિયાની બચત થશે.

નવીદિલ્હી, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે અને વાર્ષિક ૧૫,૦૦૦ હજાર રૂપિયાની બચત થશે. પીએમ મોદીએ આ યોજના ૧૩ ફેબ્રુઆરીએ લોન્ચ કરી હતી. આમાં, દરેક પરિવાર માટે બે કિલોવોટ સુધીના રૂફ ટોપ સોલર પ્લાન્ટની કિંમત ૧૪૫,૦૦૦ રૂપિયા હશે. તેમાં સરકાર ૭૮૦૦૦ રૂપિયાની સબસિડી આપશે.આ સંદર્ભે એક રાષ્ટ્રીય પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે અને ઘરના માલિકો તેના પર વેન્ડર પસંદ કરી શકશે. આ માટે બેંકમાંથી સરળ હપ્તામાં લોન પણ મળશે. પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ દરેક ગામમાં મોડલ સોલાર વિલેજ બનાવવામાં આવશે. કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે કેબિનેટે કુલ રૂ. ૭૫,૦૨૧ કરોડના ખર્ચ સાથે એક કરોડ ઘરોમાં રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માટે પીએમ-સૂર્ય ઘરઃ મફત વીજળી યોજનાને મંજૂરી આપી છે. આ યોજનામાં

કેન્દ્ર સરકાર નાણાકીય સહાય પૂરી પાડે છે. આ મુજબઃ - ૧ કિલોવોટ સિસ્ટમ માટે ૩૦,૦૦૦ રૂપિયાની સબસિડી,- ૨ કેડબ્લ્યુ સિસ્ટમ માટે રૂ. ૬૦,૦૦૦,– ૩ કેડબ્લ્યુ અથવા વધુ ક્ષમતા ધરાવતી સિસ્ટમ માટે રૂ. ૭૮,૦૦૦.

ગ્રામીણ વિસ્તારોમાં રૂફટોપ સોલાર અપનાવવા માટે રોલ મોડલ તરીકે કામ કરવા દરેક જિલ્લામાં મોડેલ સોલાર વિલેજ વિકસાવવામાં આવશે. આ અંતર્ગત પરિવારો ડિસ્કોમને વધારાની વીજળી વેચીને વધારાની આવક મેળવી શકે છે. રુફટોપ સોલાર દ્વારા રહેણાંક ક્ષેત્રમાં ૩૦ જીડબ્લ્યુ સોલાર ક્ષમતાનો વધારો થશે. આ સોલાર સિસ્ટમ સિસ્ટમ્સ ૨૫ વર્ષના જીવનકાળમાં ૭૨૦ મિલિયન ટન સીઓ૨ સમકક્ષ ઉત્સર્જન ઘટાડશે. આ યોજના મેન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ, સપ્લાય ચેઇન, વેચાણ, ઈન્સ્ટોલેશન,ઓએન્ડએમ અને અન્ય સેવાઓમાં લગભગ ૧૭ લાખ સીધી નોકરીઓનું સર્જન કરશે.અનુરાગ ઠાકુરે કહ્યું કે કેબિનેટે ખેતી અને ખેતીને લગતા ઘણા નિર્ણયો લીધા છે. વિશ્વમાં યુરિયા ખાતરની કિંમતો વધી છે અને પીએમ મોદીએ કહ્યું હતું કે વધેલા ભાવથી ખેડૂતો પર કોઈ અસર નહીં થાય. કેબિનેટે ખરીફ સિઝન-૨૦૨૪ (૦૧.૦૪.૨૦૨૪ થી ૩૦.૦૯.૨૦૨૪ સુધી) માટે ફોસ્ફેટિક અને પોટાશ ખાતરો પર પોષક તત્વો આધારિત સબસિડી દર અને દ્રમ્જી યોજના હેઠળ ૩ નવા ખાતર ગ્રેડના સમાવેશને મંજૂરી આપી.દરમિયાન કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે કેબિનેટે કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબને મંજૂરી આપી દીધી છે. આ અંતર્ગત ૩ પ્લાન્ટ સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે. આમાં કુલ ૧ લાખ ૨૬ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થશે. પ્રથમ ફેબ ટાટા અને પાવર ચિપ તાઈવાનના સહયોગથી બનાવવામાં આવશે. આ અંતર્ગત દર મહિને ૫૦ હજાર વેફર બનાવવામાં આવશે.એક વેફરની અંદર ૫૦૦૦ ચિપ્સ હોય છે. આ પ્લાન્ટમાંથી ૩૦૦ કરોડની ચિપ્સ બનાવવામાં આવશે. આ ચિપ ૮ સેક્ટરમાં ઉપયોગી થશે. જેમ કે હાઈ પાવર, ટેલિકોમ, ડિફેન્સ, ઓટોમોબાઈલ. આ તમામ ફેબ ધોલેરામાં સ્થપાશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે જૂની સરકારોએ સેમિકન્ડક્ટરના પાયા તરફ કામ કર્યું. દેશમાં પહેલો પ્રયાસ ૧૯૬૨માં કરવામાં આવ્યો હતો અને ત્યાર બાદ ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ જો ઈરાદા અને નીતિ સ્પષ્ટ હોય તો સફળતા ચોક્કસ મળે છે. ટૂંક સમયમાં તેનું ભૂમિપૂજન કરવામાં આવશે અને ૧૦૦ દિવસમાં તેનું કામ શરૂ કરવામાં આવશે.

રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં જુલાઈ-૨૦૨૩થી ૪ ટકાનો વધારો

ગાંધીનગર, રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં ત્રણ હિતકારી નિર્ણયો કરવામાં આવ્યા છે મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના કર્મચારીઓ કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ ૧ જુલાઈ ૨૦૨૩થી આપવાની જાહેરાત કરી છે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૪૫ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૬૩ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે. મોંઘવારી ભથ્થાની ૮ માસની એટલે કે ૧ જુલાઈ ૨૦૨૩થી ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. તદઅનુસાર, જુલાઈ-૨૦૨૩થી સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીની તફાવત રકમ માર્ચ-૨૦૨૪ના પગાર સાથે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ની એરિયર્સની રકમ એપ્રિલ-૨૦૨૪ના પગાર સાથે તેમ જ જાન્યુઆરી અને ફેબ્રુઆરી-૨૦૨૪ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ મે-૨૦૨૪ના પગાર સાથે કર્મયોગીઓને ચુકવાશે.મુખ્યમંત્રીએ નવી વર્ધિત-પેન્શન યોજના એન.પી.એસ.માં કર્મચારી અને રાજ્ય સરકારના ફાળા અંગે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્મચારીઓની માંગણીઓને પ્રતિસાદ આપતા કર્યો છે. તદઅનુસાર, હવે એન.પી.એસ. અન્વયે કર્મચારીએ ૧૦ ટકા ફાળો ભરવાનો રહેશે અને રાજ્ય સરકાર તેની સામે ૧૪ ટકા ફાળો આપશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બે મહત્વપૂર્ણ નિર્ણયો ઉપરાંત કર્મચારીઓને એલ.ટી.સી. માટે ૧૦ પ્રાપ્ત રજાની રોકડ રૂપાંતરણ ચૂકવણી અગાઉ ૬ઠ્ઠા પગાર પંચના પગાર ધોરણ અનુસાર થતી હતી, તે હવેથી સાતમા પગાર પંચના સુધારેલા પગાર મુજબ ચૂકવવાનો પણ અગત્યનો નિર્ણય જાહેર કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ કર્મચારી હિતકારી નિર્ણયોના અમલ અંગે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

રાજ્યમાં ભારે પવન સાથે વરસાદની આગાહી, જામનગર સહિતના જિલ્લાઓમાં ત્રાટકશે

અમદાવાદ, રાજ્યમાં ફરી એકવાર હવામાન વિભાગની આગાહી સામે આવી છે. વાત જાણે એમ છે કે, ગુજરાતમાં હજુ ગરમી શરૂ થાય તે પહેલાં રાજ્યમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આ તરફ હવામાન વિભાગની આગાહીને પગલે ખેડૂતો પણ ચિંતામાં મુકાયા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૧ થી ૨ માર્ચના દિવસ હળવા વરસાદ સાથે ભારે પવન રહશે. આ સાથે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોમસી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આગાહી કરી છે કે, ૧ થી ૨ માર્ચના દિવસ હળવા વરસાદ સાથે ભારે પવન રહશે. જેમાં ૧ માર્ચના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, દ્વારકા, જામનગર, મોરબી, ગીરસોમનાથ અને કચ્છમાં વરસાદની આગાહી કરાઈ છે.

આ સાથે ૨ માર્ચના રોજ પાટણ, બનાસકાંઠા, અરવલ્લી મહીસાગર, સાબરકાંઠા, દાહોદ, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, ભાવનગર અમરેલી અને ગીર સોમનાથ, કચ્છમાં વરસાદ રહેવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે માવઠાની આગાહી કરવામાં આવી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. આ સાથે ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરાઈ છે.

સાઉદી અરેબિયામાં મૃત્યુદંડની સજા, આતંકવાદના દોષિત ૭નાં માથાં વાઢી નાખ્યાં

રિયાધ, સાઉદી અરેબિયામાં મૃત્યુદંડની સજા પામેલા લોકોને કાં તો ફાંસી અપાય છે અથવા તો શિરચ્છેદ કરાય છે. સાઉદી અરેબિયાના મીડિયા અહેવાલો અનુસાર આતંકવાદના દોષિત સાત લોકોનાં તલવારથી માથાં વાઢી નાખ્યાં હતાં.

આ પહેલાં માર્ચ ૨૦૨૨માં સાઉદી અરેબિયામાં એક જ દિવસમાં ૮૧ લોકોને ફાંસી આપવામાં આવી હતી. સાઉદી અરેબિયાની સત્તાવાર પ્રેસ એજન્સીના જણાવ્યા અનુસાર આ સાત લોકો સામે આતંકવાદી સંગઠન બનાવવા અને ફન્ડિંગ ઉઘરાવવાનો આરોપ હતો. જેમાં દોષી સાબિત થતાં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.

બીજી તરફ આ સાત લોકો સાઉદી અરેબિયાના નાગરિક હોવાના દાવા કરાયા છે. જોકે, તેમની નાગરિકતાનો સત્તાવાર રીતે ખુલાસો કરવામાં આવ્યો નથી.

જળવાયું પરિવર્તનની વિપરિત અસર ૩૨૦૦થી વધુ માનવીના મોત

નવીદિલ્હી, જળવાયું પરિવર્તનની વિપરિત અસર વૈશ્વિક સ્તરે જ નહીં પરંતુ સ્થાનિક સ્તરે પણ દેખાવા લાગી છે, જેના પગલે વિશ્વમાં આત્યંતિક આત્યંતિક હવામાન ઘટનાઓ પણ સતત વધી રહી છે. ભારતની વાત કરવામાં આવે તો ગત વર્ષ એટલે કે ૨૦૨૩માં દેશના તમામ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછી એક દિવસમાં આવી ઘટના બની રહી છે. અહીં તમારે એ જાણવું જરુરી છે કે આત્યંતિક હવામાન ઘટનાઓમાં ભારે વરસાદ, પૂર આવવું, વાદળ ફાટવું, વીજળી પડવી, લૂ તેમજ તેમજ ખૂબ જ ઠંડીનો સમાવેશ થાય છે.

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ દ્વારા સ્ટેટ ઓફ ઈન્ડિયાના એન્વાયર્નમેન્ટના જાહેર કરાયેલ રિપોર્ટ ૨૦૨૪ના અનુસાર, વર્ષ ૨૦૨૨માં ૩૬૫માંથી ૩૧૬ દિવસોમાં આત્યંતિક હવામાનની ઘટનાઓ બની હતી, જ્યારે ૨૦૨૩માં તેમની સંખ્યા વધીને ૩૧૮ પર પહોંચી ગઈ હતી. અલવર (નીમલી) સ્થિત અનિલ અગ્રવાલ પર્યાવરણ પ્રશિક્ષણ સંસ્થામાં સંયુક્ત રાષ્ટ્રના ભૂતપૂર્વ અંડર સેક્રેટરી જનરલ નીતિન દેસાઈ , વરિષ્ઠ પત્રકાર ટીએન નિનાન અને સીએસઈના ડાયરેક્ટર જનરલ સુનીતા નારાયણ દ્વારા આ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો.

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આત્યંતિક હવામાનની ઘટનાઓને કારણે ૩,૨૮૭ લોકોના, ૧.૨૪ લાખ પ્રાણીઓના મોત થયા હતા, જ્યારે ૮૬,૪૩૨ ઘરોને અને ૨.૨૧ મિલિયન હેક્ટર પાક વિસ્તારને ખૂબ જ નુકસાન થયું હતું. આવા દિવસોની સૌથી વધુ સંખ્યા હિમાચલ પ્રદેશમાં ૧૪૯ નોંધાઈ હતી. ત્યારબાદ મધ્યપ્રદેશમાં ૧૪૧ દિવસ અને કેરળ અને ઉત્તર પ્રદેશમાં ૧૧૯ દિવસ નોંધાયા છે. આ ઉપરાંત અન્ય આઠ રાજ્યોએ ૧૦૦ કરતા પણ વધુ દિવસો સુધી આત્યંતિક હવામાનની ઘટનાઓનો સામનો કરવો પડ્યો હતો. જૂનથી સપ્ટેમ્બર વચ્ચે સતત ૧૨૩ દિવસ સુધી આવી ઘટનાઓ નોંધાઈ હતી.

આ સિવાય જો મૃત્યુની બાબત પર નજર કરવામાં આવે તો બિહાર સૌથી વધુ પ્રભાવિત થયું છે. અહીં આવી ઘટનાઓમાં ૬૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે હરિયાણામાં સૌથી વધુ અસરગ્રસ્ત પાક વિસ્તાર થયો હતો અને ગુજરાતમાં સૌથી વધુ ઘરોને નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત પંજાબમાં સૌથી વધુ પ્રાણીઓના મૃત્યુ થયા છે. અહીં એ પણ નોંધનીય છે કે ભારતમાં ૨૦૨૩માં ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૧૨૨ વર્ષમાં સૌથી ગરમ મહિનાઓ રહ્યા હતા.

ગુજરાત રાજ્ય

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

જાહેર નિવિદા નં- ૧ (મ) સને ૨૦૨૩-૨૪

ગુજરાત રાજ્ય રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૩૬૭ ધ્વારા બાલાસીનોર ગામની હદમાં મકાન ધરાવતા આસામીઓ પાસે બાલાસીનોર પેટા વિભાગીય કચેરી માટે ભાડા અંગે ભાવ માંગવામાં આવે છે.

૧	ઓફિસ તથા સ્ટોર રૂમ ભાડા અંગે	સુજવામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ પેટા વિભાગ,બાલાસિનોર પેટા વિભાગીય કચેરી માટે મકાન ભાડા બાબત.
૨	અંદાજીત બાંધકામ	૩૦૦ ચોરસ ફુટ
૩	ભાવ પત્રક ફી (પરત થઈ શકે નહીં.)	રૂ.૬૦૦.૦૦
૪	ભાવ પત્રક અત્રેની કચેરીએથી મેળવવાની છેલ્લી તારીખ અને સમય	તા.૦૭/૦૩/૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી
૫	બાનાની રકમ	રૂ.૧૫૦૦૦.૦૦
૬	ભરેલ ભાવ પત્રક સ્વીકારવા કરવાની અને બાનાની રકમ કવરમાં સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય:	તા.૧૬/૦૩/૨૦૨૪ ૧૬:૦૦ કલાક સુધી
૭	મકાન ભાડા અંગેની સમય મર્યાદા	૧૧ માસ

ભાવપત્રક મુજબ ના દસ્તાવેજો રજીસ્ટર્ડ પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટ થી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોનીની કચેરીએ કામના નામ સહિત સીલ બંધ કવરમાં તા.૧૬/૦૩/૨૦૨૩ ૧૬:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.શક્ય હશે તો ભાવપત્રક તે જ દિવસે ખોલવામાં આવશે .

નોંધ:- (૧) સરકારશ્રીના નિયમોનુસાર જીએસટી બંધનકર્તા રહેશે.

હવે ગરીબ-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ પણ રમતા રમતા ડોક્ટર બની જશે ,આરોગ્ય મંત્રી

ગાંધીનગર, દરેક મા-બાપનું સપનું હોય છેકે, તેમનો દિકરો કે દીકરી ડોક્ટર બને. જોકે, આર્થિક સંકળામણને કારણે તેમજ ઉંચી ફી અને મોંઘા ખર્ચને કારણે ગરીબ અને મધ્યમવર્ગ આ કક્ષા સુધી પહોંચી જ શકતો નથી. ત્યારે આવી સ્થિતિને દૂર કરવા માટે ગુજરાત સરકાર પ્રયાસ કરી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના આરોગ્ય મંત્રીએ કહ્યું છેકે, ગરીબ અને મધ્યમવર્ગીય વિદ્યાર્થીઓના ડૉક્ટર બનવાના સ્વપ્રને પૂર્ણ કરવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકાર કરી રહી છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ એ વિધાનસભામાં જણાવ્યું હતું કે, ડૉક્ટર બનવાનુ સ્વપ્ર સેવતા રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગીય વિદ્યાર્થીઓના સ્વપ્રને પાંખ આપવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકારે કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજ કાર્યરત કરવાના સંકલ્પને સિદ્ધ કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે કામગીરી હાથ ધરી છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ એ વિધાનસભામાં જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં ૬ સરકારી કૉલેજ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ૧૩ ય્સ્ઈઈજી કૉલેજ સહિત ૪૦ મેડિકલ કૉલેજ ઉપલબ્ધ છે. રાજ્યના બાકી રહી જતા જિલ્લાઓમાં પણ મેડિકલ કૉલેજ કાર્યરત કરાવવા સરકારે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. રાજ્યમાં હાલ ૪૦ મેડિકલ કૉલેજ અંતર્ગત યુજી(સ્નાતક) ની ૭૦૫૦ અને પીજી.(અનુસ્નાતક)ની ૨૭૬૧ બેઠક ઉપલબ્ધ છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં મેડિકલ બેઠકોમા થયેલ વધારાની વિગતો જોઈએ તો સ્નાતકની ૧૩૫૦ અને અનુસ્નાતકની ૫૩૧ બેઠકો વધી છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં યુજી (સ્નાતક) ની ૮૫૦૦ અને પીજી (અનુસ્નાતક) ની અંદાજિત ૩૭૦૦ બેઠક ઉપલબ્ધ કરાવવા સરકારે આયોજન હાથ ધર્યું છે.

મંત્રી એ વધું માં ઉમેર્યું હતું કે, જીએમઈઆરએસ કૉલેજ માં અભ્યાસ કરતા અંદાજિત ૨૪૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૭૪૩ એટલે કે ૭૨% વિદ્યાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત ફી માં રાહત આપવામાં આવે છે. છેલ્લા ૨ દાયકામાં મેડિકલ કૉલેજ અને બેઠકોમાં થયેલ વધારાની સ્થિતિ જોઈએ તો , વર્ષ ૨૦૦૧માં ૧૦ મેડિકલ કૉલેજની સામે વર્ષ-૨૦૨૪ માં ૪૦ કૉલેજ (૪૦૦%), ૧૨૭૫ સ્નાતક બેઠકની સામે ૭૦૫૦(૫૫૩%) અને ૮૩૦ અનુસ્નાતક બેઠકની સામે ૨૯૪૭ (૩૩૫%) (૧૮૬ ડીએનબીની બેઠકો) નો વધારો થયો છે.

રાજ્યમાં હાલ ૪૦ મેડિકલ કૉલેજ અંતર્ગત યુજી (સ્નાતક) ની ૭૦૫૦ અને પીજી(અનુસ્નાતક)ની ૨૭૬૧ બેઠક ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં યુજી(સ્નાતક)ની અંદાજિત ૮૫૦૦ અને પીજી(અનુસ્નાતક)ની ૩૭૦૦ બેઠક ઉપલબ્ધ બનશે તેવો ગુજરાત સરકારનો દાવો. જાણો કઈ રીતે ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને બની શકશે ડોક્ટર. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતકની ૧૩૫૦ અને અનુસ્નાતકની ૫૩૧ બેઠકોમાં વધારો થયો. રાજ્યમાં ૬ સરકારી ઉપરાંત ૧૩ જીએમઈઆરએસ કૉલેજ રાજ્ય સરકાર સંચાલિત છે.જીએમઈઆરએસ કૉલેજ માં અભ્યાસ કરતા કુલ વિદ્યાર્થીઓમાંથી ૭૨% વિદ્યાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત ફી માં રાહત મળે છે.

વધતી ગરમીને કારણે હિમાલય ઓગળી રહ્યો છે, ૯૦ ટકા સૂકાઈ જવાની આગાહી

નવીદિલ્હી, માનવીય પ્રવૃત્તિઓના કારણે વિશ્વનું તાપમાન સતત વધી રહ્યું છે. ૨૦૨૩ ઈતિહાસનું સૌથી બીજું ગરમ વર્ષ રહેવા પામ્યું હતું. નિષ્ણાતો પહેલાથી જ કહી ચૂક્યા છે કે ક્લાઈમેટ ચેન્જ હવે ભવિષ્યની વાત નથી, તે વર્તમાન બની ગઈ છે. માનવજાત માટે તે સૌથી મોટો પડકાર બની ગયો છે. 'ત્રીજા ધ્રુવ' તરીકે ઓળખાતા હિમાલય આની અસર સહન કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં હિમાલયના હજારો ગ્લેશિયર્સ પીગળી ગયા છે અને તાજેતરના સંશોધનો પણ તેની પુષ્ટિ થઈ છે. નવા સંશોધન મુજબ, હિમાલય ગરમ થઈ રહ્યો છે, જો ગ્લોબલ વોર્મિંગથી ૩ ડિગ્રી સેલ્સિયસ વધે છે, તો હિમાલયનો લગભગ ૯૦ ટકા વિસ્તાર એક વર્ષ સુધી સૂકો રહેશે.

આ અહેવાલ ક્લાઈમેટિક ચેન્જ નામની જર્નલમાં પ્રકાશિત થયો છે. યુકેની યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એન્ગ્લિયાના સંશોધકોએ આ ટીમનું

નેતૃત્વ કર્યું છે. આઠ અભ્યાસો એકત્રિત કર્યા પછી, વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા છે કે દુષ્કાળ, પૂર, પાકની ઉપજમાં ઘટાડો ગ્લોબલ વોર્મિંગના સ્તરને વધારવા માટે જવાબદાર છે. આ આઠ અભ્યાસ ભારત, બ્રાઝિલ, ચીન, ઈજિપ્ત, ઈથોપિયા અને ઘાના પર કેન્દ્રિત હતા. આ હિસાબે ભારત વધતી ગરમીથી થતા ૮૦ ટકા નુકસાનથી બચી શકે છે, પરંતુ આ ત્યારે જ થશે જ્યારે ભારત પેરિસ સમજૂતીને યોગ્ય રીતે અપનાવશે. પેરિસ કરાર શું છે? વાસ્તવમાં, આ કરાર વૈશ્વિક તાપમાનના વધારાને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાના પ્રયાસો માટે કહે છે, જેથી કરીને આબોહવા પરિવર્તનની અસરોને ઘટાડી શકાય.

આ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રાખવાથી જૈવ વિવિધતાનો અડધો ભાગ બચાવવામાં મદદ મળી શકે છે. જ્યારે તેને ૩ ડિગ્રી પર રાખવાનો પ્રયાસ કરવામાં આવે તો માત્ર ૬ ટકા જ બચાવી શકાય છે. ટીમના જણાવ્યા અનુસાર તાપમાનમાં ૩ ડિગ્રી સેલ્સિયસના વધારાને કારણે ખેતીની જમીન દુષ્કાળનો વધુ ભોગ બને છે. જો આમ જ ચાલુ રહેશે તો દરેક દેશમાં ૫૦ ટકાથી વધુ ખેતીની જમીનને એક વર્ષથી ૩૦ વર્ષ સુધી ભયંકર દુષ્કાળનો સામનો કરવો પડી શકે છે. ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાથી ખેતીની જમીન પર દુષ્કાળનું જોખમ ૨૧ ટકા (ભારત) અને ૬૧ ટકા (ઈથોપિયા) વચ્ચે ઘટશે.

આ સાથે નદીમાંથી આવતા પૂરને કારણે થનાર આર્થિક નુકસાનમાં પણ ઘટાડો થશે. આ ત્યારે થાય છે જ્યારે નદીઓ અને નાળાઓ તેમના કાંઠા ફાટી જાય છે અને પાણી નજીકના નીચાણવાળા વિસ્તારોમાં વહે છે. ભયંકર દુષ્કાળના કારણે મનુષ્યો માટેનું જોખમ પણ ૨૦-૮૦ ટકા ઘટાડી શકાય છે. સંશોધકોએ ચેતવણી આપી હતી કે ગ્લોબલ વોર્મિંગને ઘટાડવા માટે વધુ પ્રયત્નોની જરૂર છે કારણ કે હાલમાં વૈશ્વિક સ્તરે જે નીતિઓ છે તેના પરિણામે ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે.

રમઝાન મહિના દરમિયાન અલ-અક્સા મસ્જિદમાં પેલેસ્ટિનિયનોના પ્રવેશને મર્યાદિત કરશે

તેલઅવીવ, રમઝાન મહિનાની શરૂઆત પહેલા જ ઈઝરાયેલે મસ્જિદ અલ-અક્સામાં પેલેસ્ટિનિયનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવાની વાત કરી છે. બીજી તરફ, હમાસની રાજકીય પાંખના વડા ઈસ્માઈલ હાનિયાએ પેલેસ્ટાઈનીઓને રમઝાનના પહેલા દિવસે પશ્ચિમ કાંઠેથી અલ-અક્સા મસ્જિદ સુધી કૂચ કરવાની અપીલ કરી છે. હમાસના નેતાએ એક ટેલિવિઝન ચેનલ દ્વારા આ અપીલ કરી હતી અને સુરક્ષાના કારણોસર મસ્જિદ અલ-અક્સા પર પ્રતિબંધ લાદવાના નિર્ણયનો પણ વિરોધ કર્યો હતો. આગામી ૧૦ કે ૧૧ માર્ચથી પવિત્ર રમઝાન મહિનો શરૂ થઈ રહ્યો છે, જેના માટે સમગ્ર વિશ્વમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.એક નિવેદનમાં હાનિયાએ કહ્યું, "અલ-અક્સા મસ્જિદ અને અન્ય પવિત્ર સ્થળોનું સંચાલન આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર થવું જોઈએ. અમારા લોકો તેમની મસ્જિદો અને ચર્ચોને બચાવવા માટે દરેક રીતે પ્રતિકાર કરશે. હાનિયાએ પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું કે વેસ્ટ બેંક પર હુમલો કરીને પેલેસ્ટાઈનીઓને બહાર કાઢવાની ઈઝરાયેલની યોજનાનો એક ભાગ છે. ઘણા વર્ષોથી, રમઝાનમાં પેલેસ્ટિનિયનો અને ઈઝરાયેલી દળો વચ્ચે અથડામણ જોવા મળી છે, આ વખતે રમઝાન પેલેસ્ટિનિયનો માટે વધુ હિંસક બનવાની અપેક્ષા છે.ઑક્ટોબર ૭ પછી, ઈઝરાયેલે માત્ર ગાઝા વિરુદ્ધ જ નહીં પરંતુ વેસ્ટ બેંકમાં રહેતા પેલેસ્ટિનિયનો વિરુદ્ધ પણ તેની કાર્યવાહી તેજ કરી છે. જેનિન કેમ્પ સિવાય ઈઝરાયલના સુરક્ષા દળોએ વેસ્ટ-બેંકમાંઅનેક પેલેસ્ટિનિયન વસાહતો પર દરોડા પાડ્યા છે અને લોકોની ધરપકડ કરી છે. ઑક્ટોબર ૭ થી, પશ્ચિમ કાંઠે ઈઝરાયેલી દળો અને પેલેસ્ટિનિયનો વચ્ચેની અથડામણમાં લગભગ ૪૧૦ લોકો મૃત્યુ પામ્યા છે અને લગભગ ૪,૬૦૦ ઘાયલ થયા છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

મહીસાગર જીલ્લાના મલેકપુર મારૂતિ વિદ્યાલય ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ-વ-પ્રદર્શન યોજાયો

વકતાઓએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટેના પ્રશ્નો સંદર્ભે માર્ગદર્શન સાથે પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કર્યા.

મહીસાગર, પ્રાકૃતિક કૃષિ થકી દેશના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ ઉન્નત બને તથા દેશનો પ્રત્યેક નાગરિક સ્વસ્થ બને અને તંદુરસ્ત બને અને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે અર્થે વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે વડાપ્રધાનએ આહવાન કર્યું છે. રાજયના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે દિશામાં મહામહિમ રાજયપાલના સીધા માર્ગદર્શન હેઠળ મહીસાગર જીલ્લા વહીવટીતંત્ર દ્વારા ઝુંબેશના સ્વરૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે. મહીસાગર જીલ્લાના ખેડૂતોમાં પણ પ્રાકૃતિક કૃષિ અંગે વ્યાપક જાગરૂકતા લાવી પ્રાકૃતિક કૃષિનું અભિયાન જન આંદોલન બને તે અર્થે ''પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ–વ–પ્રદર્શનનું જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લુણાવાડા તાલુકાના મલેકપુર મારૂતિ વિદ્યાલય ખાતે ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લું મૂકતા જીલ્લા પંચાયતના પ્રમુખ બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે જમીન અને ખોરાકને ઝેર મુક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી હવે આવનારા સમયની માંગ છે,પ્રાકૃતિક ખેતીથી ગાયના સંવર્ધન સાથે પરિવાર અને સમાજના આરોગ્યનું પણ જતન થશે. તેવી હિમાયત ખેડૂતોને સંબોધતા તેમણે કરી હતી. વધુમાં જણાવ્યું કે, આપણા પૂર્વજો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા રહ્યા હતા. ત્યારે આજે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને લઈ ખેતીના ક્ષેત્રમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે. આરોગ્ય માટે હાનિકારક જંક ફુડ વગેરેથી દૂર રહીએ, મીલેટ્સ સાથેનો આપણો પરંપરાગત ખોરાક અપનાવીએ. તેમ પ્રમુખે જણાવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીથી ઉત્પાદન ઘટવાની સાથે ઉત્પાદિત થતા પાક–શાકભાજી વગેરેની લોકોના આરોગ્ય પર વિપરીત અસરો થઈ છે. જેના પરિણામે કેન્સર જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધતું જાય છે. મહામૂલી માનવ જિંદગી મળી છે. ત્યારે પ્રાકૃતિક વ્યવસ્થાઓ જાળવીને પ્રગતિ સાધીએ તે હિતાવહ છે. આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલે જણાવ્યું હતું કે વધુને વધુ લોકો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને તમામ લોકો પ્રાકૃતિક ખેતી કરતાં થાય તેના માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ ઝુંબેસ ચલાવવામાં આવે છે. આ પરિસંવાદમાં પ્રાકૃતિક વિકાસ બોર્ડ ગુજરાત રાજ્ય રાજ્ય સયોજક પ્રફુલભાઈ સેજલિયાએ જમીન અને આરોગ્ય બચાવવા સાથે આપણા કુટુંબ અને આવનારી પેઢી માટે પ્રાકૃતિક કૃષિનો વારસો આપવા માટે ખેડૂતોને અનુરોધ કર્યો હતો.આ પરિસંવાદમાં ખેડૂત ભાઈઓ અને મહિલા ઓએ પ્રાકૃતિક ખેતી સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે તેની જરૂરિયાત અને મહત્વ વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના પ્રદર્શન માટે રાખવામાં આવેલા સ્ટોલ્સની મુલાકાત કરી હતી. સાથે જ ખેડૂતો પાસેથી પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ચર્ચા કરી હતી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજ્યકક્ષાની સિનીયર સીટીજન એથ્લેટીકસ (ભાઈઓ/બહેનો) સ્પર્ધાનુ આયોજન

નડિયાદ, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે જીલ્લા રમત ગમત અધિકારી ખેડા–નડિયાદ દ્વારા રાજ્યકક્ષાની સિનીયર સીટીજન એથ્લેટીકસ (ભાઈઓ/બહેનો) ની સ્પર્ધા તારીખ ૨૭/૦૨/૨૦૨૪ થી ૨૯/૦૨/૨૦૨૪ દરમ્યાન સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નડિયાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યના ૩૩ જીલ્લાઓની ટીમોના ખેલાડીએ ભાગ લીધો હતો. જેમાં ૬૦ વર્ષથી ઉપર ૨૫૦ થી વધુ સીનીયર સીટીજન ખેલાડી ભાઈઓ, બહેનોએ જુસ્સા ભેર ભાગ લીધો હતો.

રાજ્યકક્ષાની સિનીયર સીટીજન એથ્લેટીકસ સ્પર્ધાના ઉદ્ઘાટન પ્રસંગે અક્ષયભાઈ મકવાણા જીલ્લા યુવા વિકાસ અધિકારી, ખેડા–નડિયાદ, ડો. મનસુખભાઈ તાવેથીયા, લક્ષ્મણસિંહ ચૌહાણ – જીલ્લા રમતગમત અધિકારી, ખેડા–નડિયાદ, જી.સી.શાહ સિનિયર એથ્લેટિક્સ સ્ટાટર તથા ગુજરાત રાજ્ય એથ્લેટિકસ એસોસિએશના પ્રતિનિધિ ચિરાગ પટેલ હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું.

આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોને ખેડા જીલ્લા શિક્ષાણાધિકારી કલ્પેશ રાવલ, અક્ષયભાઈ મકવાણા, જીલ્લા યુવા વિકાસ અધિકારી, ખેડા–નડિયાદ અને લક્ષ્મણસિંહ ચૌહાણ – જીલ્લા રમતગમત અધિકારી દ્વારા મેડલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત SWEEP ના નોડલ ઓફિસર અને જીલ્લા શિક્ષાણાધિકારી કલ્પેશ રાવલના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત તમામ રમતવીરો તથા સ્ટાફગણ દ્વારા મતદાન જાગૃતિ અંગે સપથગ્રણન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ખેડા જીલ્લાનું લાડવેલના ફરતા પશુ દવાખાના દ્વારા ગાયનો જીવ બચાવવામાં આવ્યો

નડિયાદ, ગત માહિતી અનુસાર ફરતું પશુ દવાખાનું ના ૧૦ ગામમાંથી એક અનારા ગામ ખાતે પશુધન માલીક ને ત્યાં સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યાં ની આસપાસ તેમની H.F ક્રોસ બ્રીડની ગાય જે બીજી જગ્યા એ થી પીક અપ ટ્રકમાં લાવતા હતા અને ગાયને નીચે ઉતારતા ગાયનો પગ સ્લીપ થઈ જતા જમીન પર પટકાઈ હતી અને કોઈ ધાર વાળી વસ્તુ વાગતા તેના પેટના ભાગમા ગંભીર ઈજા પહોચી હતી અને લોહી પણ ખુબ નીકળતું હતું.

આ જોઈ પશુપાલક કે તરત જ ૧૯૬૨માં કોલ કરવામાં આવ્યો. લાડવેલનું ફરતું પશુ દવાખાનું વેટરનરી ડો અમિતભાઈ રાઠોડ સાથે તેમની ટિમ પાયલોટ સંજયભાઈ ડાભી ઘટના સ્થળે પોંહચી ગયા. ત્યાં પહોંચતા તરત જ ડો અમિત રાઠોડ અને તેમની ટિમ ભેગા મળીને ગાયની સારવાર ત્યાં જ સ્થળ પર જ તેના પેટના ભાગમાં ટાંકા લઈને જરૂરી એન્ટિબાયોટિક અને પેનઈનઈલર ઈન્જેકશન આપી અને H.F ગાયનો જીવ બચાવ્યો હતો.

લુણાવાડા બારીયાવાલા હોલ પાસે ટુ વ્હિલરને ટકકર મારનાર કાર ચાલકનુ ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ

કડાણા, બેફામ અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના ગુનામાં પાંચ વર્ષ સુધી લાયસન્સ સસ્પેન્ડ કરવાનો ચુકાદો ચીફ જયુડિ.મેજી.એ ફરમાવતા બેદરકારી પુર્વક વાહન ચલાવતા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

દોઢ વર્ષ અગાઉ એક કારચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારીને લુણાવાડા બોરીયાવાલા હોલની નીચે ઉભેલા ટુ વ્હિલર અને યુવકને ટકકર મારી ભાગી છુટેલા કાર ચાલક વિરુદ્ધ કેસ ચાલી જતાં આ ચુકાદો આપ્યો છે.

વર્ષ–૨૦૨૨માં આરોપી હેમીલ રાજેશભાઈ કાકા (રહે.કાકાના ભેંસવાડા, તા.લુણાવાડા)એ પોતાના કબ્જાનુ હ્યુન્ડાઈ કંપનીની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી લુણાવાડા બોરીયાવાલા હોલની નીચે ચાઈનીઝ લારી પાસે ફરિયાદીની એક્ટિવા ગાડી નં.જીજે–૩૫–એ–૮૦૬૪ને જોરથી ટકકર મારી નુકસાન કરી તેમજ સાહેદ સાગરકુમાર જયેશભાઈ પટેલિયાના જમણા હાથના કાંડા પાસે ફ્રેકચર કરી ડાબા ભાગે ફ્રેકચર તથા ઈજાઓ કરી નાસી જઈ ભારતીય દંડ સહિતની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ હોય ફરિયાદીની ફરિયાદના આધારે ગુનાની તપાસના અંતે આરોપી સામે પુરતા પુરાવા મળી આવતા પોલીસે મહિસાગર જિલ્લા ચીફ જયુડિ.મેજી.ની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. કેસ ચાલી જતાં સરકાર તરફે એ.પી.પી.વાય.એસ.ગોસાઈની દલીલોને ગ્રાહ્ય રાખી ચીફ જયુડિ.મેજી.પી.સી.સોનીએ આરોપી હેમીલભાઈ રાજેશભાઈ કાકા નાઓને ફ.પ્રો.ક.ક લમ ૨૪૮(૨)અન્વયે ઈપીકો કલમ–૨૭૯ના ગુના સબબે અંકે રૂપિયા એક હજાર તથા ઈપીકો કલમ ૩૩૭ના ગુનામાં અંકે રૂપિયા પાંચસોના દંડની સજા અને જો આરોપી દંડ ભરવામાં કસુરવાર ઠરે તો આરોપીને ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો. તેમજ આરોપી હેમીલભાઈ રાજેશભાઈ કાકાનુ લાયસન્સ ૨૬/૦૨/૨૦૨૯ સુધી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો.

અનંત અને રાધિકાના પ્રી-વેડિંગ સેલિબ્રેશન પહેલા અંબાણીને ત્યાં ભજીયા પાર્ટી, મુકેશ અંબાણીએ પણ માણ્યો સ્વાદ

જામનગર, અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનું પ્રી-વેડિંગ ફંક્શન ઘણા સમયથી ચર્ચામાં છે. તેની શરૂઆત ગુજરાતના જામનગર નજીકના એક ગામમાં લગભગ ૫૧,૦૦૦ લોકોને ભોજન સેવા સાથે કરવામાં આવી હતી. ઉત્સવ દરમિયાન, રાધિકા મર્ચન્ટ લાલ અને નારંગી રંગના સૂટમાં અદભૂત દેખાતી હતી. બીજી તરફ તેના ભાવિ પતિ અનંત અંબાણી લાલ રંગની શેરવાનીમાં જોવા મળ્યા હતા. મુંબઈના લોકોને તેમના વતન જામનગર, ગુજરાતમાં જોઈને દંપતી અત્યંત ખુશ દેખાતા હતા.

જામનગરના અંબાણી અને વેપારી પરિવારની અનેક તસવીરો અને વીડિયો વાયરલ થયા છે. આ દરમિયાન, રાધિકાનો એક વીડિયો સમાચારમાં છે, જેમાં તે પાપારાઝીનું સ્વાગત કરતી અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછતી જોવા મળે છે. જામનગરના અંબાણી અને વેપારી પરિવારની અનેક તસવીરો અને વીડિયો વાયરલ થયા છે. આ દરમિયાન, રાધિકાનો એક વીડિયો સમાચારમાં છે, જેમાં તે પાપારાઝીનું સ્વાગત કરતી અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછતી જોવા મળે છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ, જ્યારે અંબાણી પરિવારે લોકોના આશીર્વાદ લેવા માટે અન્ના સેવાનું આયોજન કર્યું હતું, ત્યારે રાધિકા અને અનંતે પણ તેમાં ભાગ લીધો હતો અને ભોજન પીરસ્યું હતું. અનંત અને રાધિકાએ જય શ્રી કૃષ્ણનો ઉચ્ચાર કરતા લોકોને પ્રેમથી ભોજન પીરસ્યું. આ કપલે પાપારાઝી માટે પોઝ પણ આપ્યો હતો. વાયરલ વીડિયોમાં આપણે જોઈ શકીએ છીએ કે કપલ મુંબઈના પેપ્સને જોઈને ખૂબ જ ખુશ છે. ટૂંક સમયમાં અંબાણી પરિવારની વહુ બનવાની રાધિકાએ પાપારાઝીનું ખુલ્લા દિલથી સ્વાગત કર્યું. વળી પૂછ્યું, 'તમને જામનગર કેવું ગમ્યું?' તે ખૂબ જ સરસ છે, તમને હવા અને પાણી કેવું ગમ્યું?' રાધિકા મર્ચન્ટના પરિવારના સભ્યોએ પણ ભોજન સેવામાં ભાગ લીધો હતો. અંબાણી પરિવાર તેમના બાળકો માટે ભવ્ય લગ્ન સમારોહનું આયોજન કરવા માટે જાણીતું છે. તેણે ૨૦૧૮ માં તેની પુત્રી ઈશા અંબાણીના લગ્ન માટે અને ફરીથી ૨૦૧૯ માં તેના પુત્ર આકાશ અંબાણીના લગ્ન માટે સમાન વિધિ કરી હતી.

એ યાદ રહે કે જામનગરના રિલાયન્સ ગ્રીન્સમાં આગામી ૧ થી ૩ માર્ચ દરમિયાન અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનું પ્રી-વેડિંગ ફંક્શન યોજાવાનું છે. આ બધાની વચ્ચે હવે બૉલીવુડ દિગ્ગજોપણ જામનગર પહોંચી રહ્યા છે. મહત્વનું છે કે, અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શનને લઈ હાલ તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે દેશ-વિદેશની અનેક હસ્તીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મહેમાનોને આવકારવા માટે જામનગરમાં તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિ-વેડિંગ ફંક્શન માટે બોલિવૂડ સ્ટાર્સ પણ જામનગર પહોંચવા લાગ્યા છે. આ દરમિયાન આજે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર સલમાન ખાન પણ જામનગર પહોંચી ગયા હતા. અભિષેક બચ્ચન, માનુષી છિલ્લર, અને જાન્હવી કપૂર જેવા કલાકારો જામનગર પહોંચી ચૂક્યા છે. પોપ આઈકોન રિહાના, અભિનેતા-ગાયક દિલજીત દોસાંઝ અને અરિજિત સિંહ સહિત અન્ય લોકો પરફોર્મ કરવાના છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફેસ્ટિવલ ૧ માર્ચથી શરૂ થશે અને તેમાં મનોરંજન, રાજનીતિ અને બિઝનેસ સહિત વર્લ્ડની મોટી મોટી હસ્તીઓ મહેમાન બનીને આવશે. ઉલ્લેખનીય છે કે આ પ્રી વેડિંગ ફંક્શન છે અને ૧૨ જુલાઈએ મુંબઈમાં અનંત અને રાધિકાના લગ્નના થવાના છે.

લુણાવાડા બસ સ્ટેન્ડ પાસે એલ.સી.બી.પોલીસે નાકાબંધી કરી ગાડીમાં લઈ જવાતા ૭૦૦ કિલો માંસના જથ્થા સાથે એક ઈસમને ઝડપ્યો

લુણાવાડા, મહિસાગર એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે લુણાવાડા બસ સ્ટેન્ડ પાસે નાકાબંધી કરી મોડાસા થી ગોધરા લવાઈ રહેલા ૭૦૦ કિલો કરતાં વધુ માંસના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ મહિસાગર એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, મોડાસા થી ગાડીમાં માંસનો જથ્થો લઈ ગોધરા તરફ જવાનો છે. તેવી બાતમીના આધારે લુણાવાડા બસ સ્ટેન્ડ પાસે એલ.સી.બી.પોલીસે નાકાબંધી કરી હતી અને બાતમીવાળી ગાડી માંથી ૭૦૦ કિલો ઉપરાંતના માંસના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આદ્યો છે. પોલીસે દ્વારા ઝડપી પાડવામાં આવેલ માંસના જથ્થાના સેમ્પલ લઈને ટેસ્ટીંગ માટે મોકલી આપવામાં આવ્યો.

શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને તમામ જીલ્લાઓના ઉચ્ચ અધિકારીઓ સાથે બોર્ડની પરીક્ષાને લગતી તૈયારીઓ વિશે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક સંપન્ન

મહીસાગર માર્ચ–૨૦૨૪માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા યોજાવા જઈ રહી છે. ત્યારે શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને તેમજ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં તમામ જીલ્લાઓના કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારીઓ, જીલ્લા પોલીસ અધિક્ષકઓ, જીલ્લા શિક્ષણાધિકારીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે પરીક્ષાને લગતી તૈયારીઓ વિશે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વીડિયો કોન્ફરન્સમાં મંત્રી સમક્ષ મહીસાગર જીલ્લા કલેક્ટર નેહા કુમારીએ પરીક્ષા અંગે જીલ્લામાં કરવામાં આવેલી તૈયારીઓનો ચિતાર રજૂ કર્યો હતો. જીલ્લા કલેક્ટરએ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માર્ચ–૨૦૨૪ના સફળ સંચાલન માટેના મહીસાગર જીલ્લાના એકશન પ્લાનની વિગતવાર માહિતી આપી હતી. આ બેઠકમાં વર્ચ્યુઅલ રીતે ગાંધીનગર ખાતેથી શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ મહીસાગર કલેક્ટર કચેરીના વીડિયો કોન્ફરન્સ હોલ ખાતે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, નિવાસી અધિક કલેક્ટર સી.વી.લટા, જીલ્લા શિક્ષણાધિકારી, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિતના જીલ્લા પરીક્ષા સમિતીના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે આત્મા પ્રોજેક્ટ મહીસાગરના જે.ડી.પટેલે શાબ્દિક સ્વાગત કરતા મહાનુભાવો અને ખેડૂતોને આવકાર્ય હતા અને અંતમાં ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર નવનીત પટેલએ આભાર વિધિ કરી હતી.આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ, ખેતીવાડી અધિકારી સહિતના અધિકારીઓ પદાધિકારીઓ અને ખેડૂત ભાઈઓ અને મહિલા ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહિસાગર એ આર.ટી.ઓ. કચેરીના ટેકનીકલ અધિકારી કર્મચારીઓ દ્વારા ઓફિસ સમય પહેલા અને રીશેષ સમયે ૪ દિવસે વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું

લુણાવાડા, મહિસાગરમાં જીલ્લા આર.ટી.ઓ. કચેરીના ટેકનીકલ અધિકારી કર્મચારીઓ વિરૂદ્ધ દ્વારા પડતર માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

રાજ્યમાં આર.ટી.ઓ. કચેરીના ટેકનીકલ અધિકારી કર્મચારીઓ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. ત્યારે લુણાવાડા એ.આર.ટી.ઓ. કચેરી ખાતે ઓફિસ સમય પહેલા અને રીશેષ સમયે ટેકનીકલ અધિકારી કર્મચારીઓ ૪ દિવસે પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આર.ટી.ઓ. કચેરીના ટેકનીકલ અધિકારી કર્મચારીઓની ૧૯ જેટલી પડતર માંગણીઓના ૪ માર્ચ સુધી માંગ સ્વીકારવામાં નહિ આવે તો ૧૧ માર્ચની અચોકકસ મુદ્દતની માસ સીએલ પર ઉતારવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

સંતરામપુરના મોવાસા પ્રા.શાળાના શિક્ષક દ્વારા વિદ્યાર્થીને પીવીસી પાઈપથી મારતાં વિદ્યાર્થીને ૧૦૮માં સારવાર માટે ખસેડાયો

સંતરામપુર, સંતરામપુર તાલુકાના મોવાસા પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા વિદ્યાર્થીને મારમારતાં વિદ્યાર્થીને ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડવામાં આવ્યો. વિદ્યાર્થીને મારમારતાં શિક્ષક સામે વાલીઓનો ભારે રોષ જોવા મળ્યો છે.

સંતરામપુર તાલુકાના મોવાસા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જયેશભાઈ નામના શિક્ષક દ્વારા શાળાના વિદ્યાર્થીને મારમારવામાં આવ્યો હતો. વિદ્યાર્થીને શિક્ષક દ્વારા પીવીસી પાઈપ થી મારમારવામાં આવ્યો હતો. જેને લઈ વિદ્યાર્થીને ૧૦૮ દ્વારા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. શાળાના શિક્ષક દ્વારા વિદ્યાર્થીને મારમારવાની ઘટનાને લઈ વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે.

મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી

આપની આજ.....

મેષ: આજે તમારો આર્થિક પક્ષ મજબૂત થશે અને ધન, આદર, ખ્યાતિ અને પ્રસિદ્ધિમાં વધારો થશે. અટકેલું કામ સાબિત થશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે. પ્રિયજનોને સાંજે મળવાથી મન પ્રસન્ન રહેશે.

વૃષભ: આજનો દિવસ શુભ સાબિત થઈ શકે છે. તમારા હાથમાં કોઈ ચેરિટી કાર્ય થઈ શકે છે. ક્ષેત્રમાં તમારી તરફેણમાં અનુકૂળ પરિવર્તન પણ આવી શકે છે, તમારી પ્રગતિ જોઈને તમારા વિરોધીઓને ઈર્ષ્યા આવશે.

મિથુન: રાજકીય ક્ષેત્રે ખૂબ સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો. અટકેલું કામ પણ પૂર્ણ થશે. ધીમું પાચન અને આંખની સમસ્યાની સંભાવના પણ છે.

કર્ક: પરિવારજનો સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે બપોર સુધીમાં આનંદકારક સુખના સારા સમાચાર મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સાંજે લાંબા સમયથી રાહ જોવાતા મહેમાનના આગમનમાં આનંદ હોઈ શકે છે.

સિંહ: આજે પૈસા સંબંધિત બાબતોમાં સારો ફાયદો કરશે. સંપત્તિની સ્થિતિ પણ મજબૂત થશે. વ્યાપારિક યોજનાઓને વેગ મળશે. રાજ્ય સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

કન્યા: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ પણ મૂલ્યવાન વસ્તુ કે મિલકત મેળવવાની ઈચ્છા આજે પૂરી થશે. વ્યસ્તતા વધારે રહેશે અને વ્યર્થ ખર્ચ ટાળો.

તુલા: આજે પત્નીને અચાનક શરીરની પીડાના કારણે ભાગવાની અને વધારે ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. મિલકત ખરીદવા અને વેચતા પહેલા, મિલકતના તમામ કાયદાકીય પાસાઓ વિશે કાળજીપૂર્વક વિચારો.

વૃશ્ચિક: આજે તમે વૃદ્ધ લોકોની સેવા અને સદ્ગુણના કાર્યો પર જરૂરી કરતાં વધુ પૈસા ખર્ચ કરશો. આ તમારા હૃદયને ખુશ કરશે. તમારા વિરોધીઓ આજે ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ તેઓ તમને પરેશાન કરી શકશે નહીં.

ધન: આજે વ્યાવસાયિક ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળવાથી સુખ રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં ફેરફારની યોજના છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મકર: વિવાહિત જીવન આનંદમય રહેશે. આજે નજીક અને દૂર સકારાત્મક યાત્રા થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિથી ઘણી ખુશી મળશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી છુટકારો મેળવશે.

કુંભ: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક આનંદ માણવાના સાધનોમાં વધારો થશે. ગૌણ કર્મચારી કે કોઈ સંબંધીને કારણે ટેન્શન વધી શકે છે. લેવડ-દેવડમાં સાવધાની રાખો, પૈસા અટકી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

દાહોદ કોંગ્રેસ પાર્ટીમાં ભુકંપ શહેર કોંગ્રસ પ્રમુખે રાજીનામું આપી પાર્ટીમાં અપમાન થતું હોવાનું જણાવ્યું

દાહોદ,

લોકસભાની ચુંટણી ટાણે દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિમાં રાજકીય ભુકંપ સર્જાવવા પામ્યો છે. જેમાં દાહોદ શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા પોતાના હોદ્દા પરથી રાજીનામું ધરી દેવામાં આવ્યું છે. તેઓના જણાવ્યાં અનુસાર, પાર્ટીમાં વારંવાર તેઓનું અપમાન થતું આવ્યું છે અને જ્યારે રાહુલ ગાંધી દાહોદમાં આવવાના હોય અને તેના પહેલા દાહોદ શહેરમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં પોતાનું અપમાન થયું હોવાનું જણાવી અને આવું વારંવાર થતું હોવાના આક્ષેપો સાથે દાહોદ શહેર કોંગ્રેસ પ્રમુખે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખને પોતાના હોદ્દા પરથી રાજીનામું ધરી દીધું હતું.

આગામી તારીખ ૮મી માર્ચના રોજ દાહોદ જીલ્લાના ઝાલોદ અને દાહોદમાં રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાનું આગમન થઈ રહ્યું છે. જેના ભાગરૂપે દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિથી લઈ પ્રદેશમાંથી કોંગ્રેસના આગેવાનોથી લઈ કાર્યકર્તાઓ દ્વારા પુરજોશમાં તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે ગતરોજ દાહોદ શહેરમાં કોંગ્રેસ સમિતિ દ્વારા સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે તેના બીજા દિવસે દાહોદ શહેર કોંગ્રેસ પ્રમુખ ઈશ્વર ડી. પરમારે પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી દેતાં રાહુલ ગાંધી દાહોદ આવે તે પહેલા દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિમાં રાજકીય ભુકંપ સર્જાયો છે. દાહોદ શહેર કોંગ્રેસ પ્રમુખે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખને રાજીનામું આપી જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષ ઉપરાંતના સમયછી દાહોદ શહેર પ્રમુખ તરીકેની સેવા આપું છું. આ અગાઉ જીલ્લા કોંગ્રેસ સમિતિમાં પ્રવક્તા તરીકે ૧૦ વર્ષ કાર્ય કરેલ છે. તે ઉપરાંત પ્રદેશ સેવાદળમાં પણ તેઓ દ્વારા સેવા આપેલ છે. કોંગ્રેસની વિચાર ધારાને ફેલાવવા માટે પક્ષ દ્વારા તાલીમ વર્ગ સારૂં કાર્યો હતો, તેમાં પ્રદેશ કક્ષાએ અનેકલ તાલીમો પણ આપેલ છે. પક્ષમાં ૧૯૮૧થી પાયાના કાર્યકર તરીકે કામગીરી કરતાં આવ્યાં છે. આ ઉપરાંત યુવક કોંગ્રેસમાં પણ તેઓની સેવાઓ લાંબો સમય આપેલ છે, પરંતુ વર્તમાન સમયમાં દાહોદ શહેરના એક જુથ દ્વારા તેઓનો વારંવાર વિરોધ થતો હોવાથી તથા તારીખ ૨૮.૦૨.૨૦૨૩ના રોજ દાહોદ ખાતે રાખેલ કાર્યક્રમમાં તેઓને જીલ્લા કોંગ્રેસ પ્રમુખ તરફથી કાર્યક્રમના સંચાલનની કામગીરી સોંપવામાં આવી હતી. એ તેઓની સુજબુજ અને કુનેહથી સારી રીતે પાર પાડી તેમ છતાંપણ અમુક કાર્યકર્તાઓ દ્વારા અમારા નામ કે નહિ લીધાં એમ કરીને ઈશ્વર ડી. પરમારનું અપમાન થાય તેવી ભાષામાં વર્તન કરેલ હોય આવું વર્તન ઈશ્વર ડી. પરમાર વારંવાર સહન કરી શકે તેમ ન હોવાથી ઈશ્વર ડી. પરમારે દાહોદમાં રાહુલ ગાંધીની યાત્રા આવે તે પહેલા આજરોજ પોતાનું પ્રમુખ પદના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. ત્યારે ઈશ્વર પમારના રાજીનામાને પગલે દાહોદ જીલ્લા કોંગ્રેસમાં લોકસભાની ચુંટણી પહેલા રાજકીય માહોલ ગરમાયો છે. ઈશ્વર પરમારના રાજીનામાથી દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિને લોકસભાની ચુંટણીમાં નુકશાન જશે કે પછી ફાયદો થશે ? તેવી અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

મદ્રેસાના પ્રોગ્રામ માટે ટેન્ટ બાંધતી વેળા એક જ કોમના બે જૂથ સામસામે આવતાં નાસભાગ

દાહોદમાં ધિંગાણમાં ઘાયલ થયેલા ૧૬ પૈકી ૯ને તલવાર,૧ને ચપ્પુના ઘા વાગ્યા.

દાહોદ,

એક પક્ષે કહ્યું લટકતો વાયર સરખો કરવા કહેતા ઝઘડો કર્યો, સમાજના માણસોને અહીં જ કાર્યક્રમ કરવા મળે છે. કહી તકરાર કરાયાની બીજા પક્ષની કેફિયત બંને પક્ષના ૧૭ સામે સામસામે ફરિયાદ નોંધાઇ બંને પક્ષના લોકો સામસામે આવતાં લાકડી, તલવાર અને પથ્થરો ઉછળતા નાસભાગ સર્જાઇ.દાહોદ શહેરમાં સ્વામીનારાયણ મંદીરની સામે જુની કોર્ટ રોડ ઉપર મદ્રેસાના પ્રોગ્રામ માટે ટેન્ટ બાંધતી વખતે એક જ કોમન બે જૂથ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ હિંસક ધિંગાણું થતાં નાસભાગ મચી હતી. ડખામાં તલવાર, પથ્થર અને લાકડીઓ વાગતાં ૧૬ લોકોને નાની-મોટી ઈજાઓ થઇ હતી. જેમાંથી ૯ લોકો તલવાર અને ૧ને ચપ્પુના ઘા વાગ્યા હતાં. બંને પક્ષના લોકો સામસામે આવી જતાં લાકડી, તલવાર અને પથ્થરો ઉછળતા નાસભાગના દ્રષ્યો સર્જાયા હતાં. આ પ્રકરણમાં પોલીસે બંને પક્ષના ૧૭ લોકો વિરૂદ્ધ સામસામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.દાહોદ શહેરના કોર્ટરોડ ખાતે રહેતાં સાહિત્સાબેન પટેલે પોલીસને જણાવ્યુ હતું કે, સામાવાળાઓએ મદ્રેસાના પ્રોગ્રામ માટે ટેન્ટ બાંધવા સાથે લાઇટનું વાયરિંગ કર્યુ હતું. જેમાંથી લાઇટનો એક વાયર લટકતો હોવાથી રેહાનાબેન પટેલે સમીર ધામડીને વાયર સરખો કરવા રહ્યુ હતું. જેથી ગાળો સાથે બોલાચાલી કરીને સામા પક્ષના ૮ લોકોએ તલવાર,ચપ્પુ, લોખંડની પાઇપ, લાકડીઓ સાથે ઘસી આવીને હુમલો કર્યો હતો. જેમાં અવેશને ચપ્પુ જ્યારે અરબાજ,ઇરફાન, ઇમરાન, ઇમ્તિયાજ, નવાબ અને મહંમદ પટેલને તલવારના ઘા વાગ્યા હતાં. આ સાથે અન્યોને પણ લાકડી અને ગડદાપાટુનો માર માર્યો હતો. સાથે ઘરમાં તોડફોડ પણ કરી મોતની ધમકી આપી હતી. તેવી જ રીતે સીદ્દીક બજારિયાએ પોલીસને જણાવ્યુ હતું કે, તેવી જ રીતે સીદ્દીક બજારિયાએ મુસ્લિમ મદ્રેસા મજલીસ(જલસા)ના કાર્યક્રમનો ટેન્ટ બંધાઇ રહ્યો હતો. ત્યારે રેહાના પટેલે આ તમારા ટેન્ટનો સામાન અહીંથી હટાવી લો કહેતાં અમે તો માત્ર ટેન્ટ બાંધવા વાળા કારીગરો છીએ કહેતાં ઇરફાને ગાળો બોલી હતી. ટોળાએ ઘસી આવી શકીલ બજારિયા, મોહંમદ બજારિયા, શકીલભાઇને તલવારથી ઘાયલ કર્યા હતાં. આ સાથે હબીબભાઇને લાકડીઓથી હુમલા ઉપરાંત પથ્થરમારો કરતાં અન્યો પણ ઘાયલ થયા હતાં. બંને પક્ષની ફરિયાદના આધારે એ ડિવિઝન પોલીસે ૧૭ લોકો સામે સામસામે ગુના દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બંને પક્ષે કોની-કોની સામે ગુનો દાખલ થયો સાહીસ્તાબેને હુમલા મામલે શકીલ બજારિયા, સમીર ધામડ, સઇદ બજારિયા, હબીબ બજારિયા, મહંમદ બજારિયા, સઉદ બજારિયા, નવાજ મજીદ અને હસન બજારિયા સામે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સીદ્દીકભાઇએ ઇરફાન પટેલ, ઇમરાન પટેલ, જુનેદ પટેલ, હબીબ પટેલ,અરબાઝ પટેલ, મહોમ્મદરફીક ઉર્ફે કાળુ પટેલ, નબાવ પટેલ, બાબુ પટેલ અને ગુલુ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી.

દે.બારીઆના કાપડી બજારમાં નાણાંની લેવડદેવડમાં ટોળાએ હુમલો કરતાં ૯ વ્યકિતઓને ઈજાઓ

દાહોદ

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરમાં કાપડી વિસ્તારમાં નાણાંની લેવડ દેવડ મામલે ૧૮ જેટલા મહિલા સહિતના ટોળાએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે લોખંડની પાઈપ, લાકડીઓ વિગેરે જેવા મારક હથિયારો સાથે એક વ્યકિતના ઘરે ટોળુ ઘસી આવી પરિવારના મહિલા સહિત ૦૯ વ્યકિતઓને હથિયારો વડે તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

દેવગઢ બારીઆ નગરના કાપડી પિંજારા ફળિયામાં રહેતાં નસીરભાઈ મજીતભાઈ શુક્લા, ઈરફાનભાઈ મજીકભાઈ શુક્લા, ઈમ્તીયાજ મજીત શુક્લા, ઈમરાન ઈબ્રાહિમ શુક્લા, શાહરૂખ ઈશાક શુક્લા, હકિમ અયુબ શુક્લા, ઈમ્તિયાઝ ઉર્ફે કાળો ઈસુબભાઈ શુક્લા, આરિફ ઈસુબ શુક્લા, જહિર સલીમ પીજારા, સલમાન સલીમ પીજારા, તૈયબ મુસા પટેલ, સમીર ઈબ્રાહિમ ચાંદા, સુફિયાન દાઉન સલાટ, મુમતાજ નિશાર શુક્લા, મુમતાજ ઉર્ફે નાનીબેન દાઉદભાઈ શુક્લા, અફસાના ઈમરાન ઈબ્રાહિમ શુક્લા, હસિના ઈમ્તિયાજ ઉર્ફે કાળો ઈસુબભાઈ શુક્લા તથા અન્ય ઈસમોએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે લોખંડની પાઈપ, લાકડીઓ વિગેરે જેવા મારક હથિયારો સાથે પોતાના વિસ્તારમાં રહેતાં અજીજભાઈ ઉર્ફે અજીત આદમભાઈ પટેલના ઘરે ગત તા.૨૮મી ફેબ્રુઆરીના રોજ ઉપરોક્ત ટોળુ ઘસી આવ્યું હતું અને અજીતભાઈ ઉર્ફે અજીત તથા તેમના પરિવારજનોને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો કેવા અમારી જોડે રૂા.૧૦,૯૦૦ માંગો છો, તમોને રૂપિયા તો આપી દીધાં હવે કેવા રૂપિયા માંગો છો, આજે તો તમોને જીવતાં છોડવાના નથી, તેમ કહી ઉપરોક્ત ઈસમોએ હુલ્લડ કરી ઉપરોક્ત તમામ ઈસમોએ પોતાના સમાન ઉદ્દેશ્ય પાર પાડવાના હેતુથી અજીજભાઈ ઉર્ફે અજીતને, રાબીયાબેન, આફિદી, મુમતાજબેન, મુમતાજ ઈસ્માઈલ પટેલ, સોયેબ ઈશાભાઈ પટેલ, સાદિક અયુબ પટેલ, રીજવાના ફેજાન પટેલ અને આસીયાબેન ઈસ્માઈલભાઈ આદમભાઈ પટેલનાઓને લોખંડની પાઈપ વડે, લાકડી વડે, લાતો વડે તેમજ ગડદાપાટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી, આજે તો તમોને જીવતા છોડ્યા છીએ, હવે પછી પૈસા માંગવા આવશો તો તમોને જીવતા છોડીશું નહીં, તેવી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

આ સંબંધે ઈજાગ્રસ્ત અજીજભાઈ ઉર્ફે અજીત આદમભાઈ પટેલે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદમાં ૨૫ સ્કૂલ વાહન ચાલકો સામે કાર્યવાહી, બે વાહન ડિટેઇન

એઆરટીઓ અને ટ્રાફિક પોલીસની ડ્રાઇવ : ૪૦ હજારનો દંડ ફટકારાયો.

દાહોદ જીલ્લાના ઝાલોદ નગરમાં બાળકોને શાળાએ લઈ જતાં અને લાવતા સ્કુલ વેન અને રિક્ષાઓ ટ્રાફિકના નિયમોનું પાલન કરતા ન હોય તેમજ સ્કુલવેન અને રિક્ષાઓમાં નિયમ કરતા વધુ બાળકોને બેસાડાતા હોવાની ફરિયાદો ઊઠ્યા બાદ દાહોદ એઆરટીઓ કચેરી અને જીલ્લા ટ્રાફિક શાખા દ્વારા ડ્રાઈવ યોજીને ૨૭ સ્કુલ વાહનચાલકો સામે કાર્યવાહી કરી છે. તેમાંથી ૨૫ વાહન ચાલકોને મેમો આપ્યા જ્યારે બે વાહન ડિટેઈન કર્યા હતાં. ૪૦ હજારનો દંડ કરાયો હતો. ચાલક ટેક્સી પાર્કિંગ ન હોવા છતાં બાળકોને લઈ જવા અને મુકવા માટે ઉપયોગ કરે છે. આ આરટીઓ દ્વારા જાહેર કરેલી એડવાઈઝરી વિરૂદ્ધ છે. સ્કૂલ વેન ચાલકો દ્વારા યોગ્ય રીતે આ પાર્કિંગ કરવું જોઈએ અને નિયમો આધીન બાળકોને લઈ અને મુકવા જવું જોઈએ. હાલમાં કરેલી કાર્યવાહીમાં કેટલાય વાહન ચાલકો પાસે લાયસન્સ, પીયૂસી, ઈન્સ્યોરન્સ કે ક્ષમતા કરતા વધુ બાળકો ભરેલા હોવા સાથે વાહનો નોન ટ્રાન્સપોર્ટ હોવાથી કાર્યવાહી કરાઈ હતી

ઝાલોદના ધાવડીયા ચેક પોસ્ટ પર રાજસ્થાન પરીવહનની બસના લગેજ બોક્ષમાંથી દારૂ ઝડપાયો

ઝાલોદ

ધાવડીયા ચેક પોસ્ટથી રાજસ્થાન પરીવહનની બસના લગેજ બોકસમાંથી દારૂનો જથ્થો ઝડપાયો હતો. ૮૬,૬૮૮/-રૂ.નો દારૂ અને એક મોબાઈલ મળી ૯૧,૬૮૮/-નો મુદ્દામાલ જપ્ત કરી બસ કંડકટર તથા જથ્થો ભરી આપનાર સામે ગુનો નોંધાવવા પામ્યો હતો. ઝાલોદ પોલીસ પેટ્રોલિંગમાં હતી દરમિયાન રાજસ્થાન પરીવહનની બસમાં ઈંગ્લીશ દારૂ ભરી ધાવડીયા ચેકપોસ્ટ તરફ આવવાની હોવાની બાતમી મળી હતી જેના આધારે વોચ દરમિયાન બસ આવતા ઉભી રખાવી હતી. બસના કંડકટર નિમચના પ્રમોદકુમાર પુરોહિતને ઉતારી બસની પાછળના ભાગે લગેશ બોકસમાં તપાસ કરતા દારૂની ૨૧ પેટીઓ મળી આવી હતી. પુછપરછ કરતા કંડકટરે સંતોષકારક જવાબ ન આપી શકતા દારૂની પેટીઓ ભરેલી બસ ઝાલોદ પોલીસે મથકે લાવી મુદ્દામાલ બહાર કાઢતા રૂ.૮૬,૬૮૮/-ની દારૂની કુલ ૧૦૦૮ બોટલો મળી હતી. કુલ ૯૧,૬૮૮/-નો મુદ્દામાલ જપ્ત કરી બસ કંડકટર પ્રમોદકુમાર ઘનશ્યામ પુરોહિત તથા જથ્થો ભરી આપનાર મળી બે સામે ઝાલોદ પોલીસ મથકે ગુનો નોંધાવવા પામ્યો હતો.

જલારામ શિશુવિહાર બલૈચા ખાતે ગાંધી જયંતિની શાનદાર ઉજવણી

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના બલૈચા ગામે જય જલારામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત જલારામ શિશુવિહાર તથા સરસ્વતી પ્રાથમિક વિદ્યા મંદિર ખાતે ગાંધી જયંતિ નિમિત્તે પ્રાર્થના સભા..સ્વચ્છતા અભિયાન અને પ્રભાત ફેરી નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. શાળાના ટ્રસ્ટી ગણ સ્ટાફ પરિવાર અને બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

શાળાના ટ્રસ્ટી નીલમબેન પંચાલ ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ગાંધી બાપુને સૂતરની આટી પહેરાવી વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે ભાવ સાથે બાપુને પુષ્પાંજલિ કરવામાં આવી. શાળાના આચાર્ય અને સ્ટાફ તથા બાળકો દ્વારા ગાંધી જયંતિ નિમિતે પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. મોહન માંથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી બનેલા મહાન સપૂત ના જીવન માં વણાયેલ અગિયાર મહાવ્રત આપણા જીવનમાં ઉતારવા બાળકોને પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું.

પ્રાર્થના સભા બાદ તમામ બાળકો પ્રભાત ફેરી સ્વરૂપે ગામમાં જઈ સ્વચ્છતા કાર્યક્રમ માં ગ્રામ સફાઈ કરી..અને સૌને સ્વચ્છ ગામ થી સ્વચ્છ ભારત બનાવવા સ્વચ્છતા હીં સેવા સંદેશ આપ્યો. સૌએ ગાંધી બાપુના જયઘોષ સાથે વાતાવરણ ગાંધીમય બનાવ્યું. સ્વચ્છતા, સમાનતા અને સ્વાવલંબીના પ્રેરક ગાંધી બાપુને જન્મ જયંતી નિમિત્તે કોટી કોટી વંદન.

દાહોદ જીલ્લા જનજાતિ સુરક્ષા મંચ દ્વારા ટીએમસી કાર્યકર્તાઓ મહિલાના અમાનવીય અત્યાચારના વિરોધમાં આવેદન આપ્યું

દાહોદ ,

પશ્ચિમ બંગાળમાં ટીએમસીના કાર્યકર્તાઓ દ્વારા મહિલા સાથે ક્રુર અમાનવીય અત્યાચાર મામલે દાહોદ જીલ્લામાં જનજાતિ સુરક્ષા મંચ દ્વારા રાષ્ટ્રપતિને સંબોધતુ એક આવેદનપત્ર દાહોદ જીલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું છે જેમાં ટીએમસીના કાર્યકર્તાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

જનજાતિ સુરક્ષા મંચ દ્વારા રાષ્ટ્રપતિને સંબોધતુ એક આવેદનપત્ર દાહોદ જીલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, પશ્ચિમ બંગાળમાં સંદીશ ખાલીમાં ટીએમસીના નેતા શારજહાસિંહ તથા તેમના કાર્યકર્તાઓ દ્વારા મહિલાઓની જમીનો હડપી લેવામાં આવે છે. મહિલાઓ ઉપર અત્યાચારો કરવામાં આવે છે. મહિલાઓને પરેશાન કરવામાં આવી રહી છે, જે માટે આ નેતાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે, પીડીત બહેનોને ત્વરીત ન્યાય મળે, તેઓને જમીન પરત મળે, જ્યારે પશ્ચિમ બંગાળમાં ખુદ મહિલા મુખ્ય મંત્રી હોય અને મહિલાઓ ઉપર અત્યાચાર થતાં હોય તે એક નિંદનીય ઘટના છે. માટે વિના વિલંબ જન જાતિની અને અનુસુચતિ જન જાતિની મહિલાઓને ન્યાય મળે અને તેઓને તેઓની જમીન પુનઃ મળે તે માટે કાર્યવાહી કરવામાં આવે તે માટે જનજાતિ સુરક્ષા મંચ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

ખેડૂત ભાઈઓ, બહેનોને સ્વનિર્ભર માટે સેમિનાર યોજાયો

દાહોદ,

દાહોદની બાગાયત નિયામકની કચેરી, દાહોદ ખાતે રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદના સહયોગ દ્વારા આત્મા પ્રોજેકટ અંતર્ગત સ્વરોજગાર અંગે સેમિનાર કચેરીનાં સુપર વાઈઝર મયંકભાઈ સુથારના માર્ગદર્શન થી યોજાયો. સેમિનારમાં ખેતી વિષયક બાગાયતી લોનની વિસ્તૃત જાણ કારી મયંક ભાઈ સુથારે, લઘુ, સૂક્ષ્મ અને મધ્ય લોનની જાણકારી ઈ.ડી.પી.ઈન્ચાર્જ રતનસિંહ બામણિયા એ અને રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદના પ્રમુખ હીરાલાલ સોલંકીએ પશુપાલન લોન, એસ.એચ.જી લોન, હપ્તા નિયમિત ભરવાના ફાયદાની જાણકારી આપી હતી. સેમિનારના ૪૦ જેટલી મહિલા અને પુરૂષોએ લાભ લીધો હતો.

ગરબાડા તાલુકાના નળવાઈ પાસે બાઈક અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાયો

ગરબાડા,

ગરબાડા તાલુકાના નળવાઈ ગામ પાસે બાઈક અને મોપેડ સામસામે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બંને વાહનોના ચાલકોને ઈજાઓ પહોંચી હતી. ઘડાકાભેર અકસ્માત સર્જાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે ગરબાડાના નજીકના દવાખાનામાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ પ્રદર્શન યોજયું

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, નવજીવન સાયન્સ કોલેજ દાહોદ દ્વારા તા. ૨૮/૦૨/૨૦૨૪ બુધવારના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે ડો. આંબેડકર પ્રાથમિક શાળા ઉકરડી મુકામે વિજ્ઞાનના વિવિધ નમૂનાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રસાયણ શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, ગણિત શાસ્ત્ર, પ્રાણી શાસ્ત્ર, માઈક્રો બાયોલોજી અને વનસ્પતિ શાસ્ત્ર ના વિવિધ નમૂનાઓની સમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને આપી હતી. શાળાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયમાં રસ, રૂચિ અને વલણ ઉત્પન્ન થાય તે માટે વિવિધ પ્રયોગોનું પ્રદર્શન પણ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમા કોલેજના વિદ્યાર્થીઓ તેમજ વિવિધ વિભાગના વડા અને ફેકલ્ટીએ ભાગ લઈ સહકાર આપ્યો અને કાર્યક્રમને સફળ બનાવ્યો. આ કાર્યક્રમ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

ગરબાડા આઝાદ ચોક ખાતે વડવેશ્વર મહાદેવ મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું

ગરબાડા,

ગરબાડા નગરમાં આઝાદ ચોક ખાતે આવેલ વડવેશ્વર મહાદેવ મંદિરમાં શિવ પંચાયતની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં સવારે ૧૦:૦૦ કલાકે શૈલેષભાઈ મખોડીયાના નિવાસ્થાનેથી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મોટી સંખ્યામાં શિવ ભક્તો જોડાયા હતા. તેમજ ભક્તોએ યજ્ઞ કરી ભગવાનની સ્થાપના કરી હતી. સાંજે ચાર કલાકે પુર્ણાહુતિ રાખવામાં આવી અને સૌ ભક્તોને પ્રસાદી આપી કાર્યક્રમ સંપન્ન કરાયો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.160

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

હાલોલ એડી.ડિસ્ટ્રીકટ સેશન્સ અને સ્પેશ્યલ પોકસો કોર્ટની ન્યાયીક કાર્યવાહીનું પેન કેમેરા અને મોબાઈલથી રેકોર્ડીંગ બે વકીલો કરતાં હતા

હાલોલ,

હાલોલ એડી. સેશન્સ જજ અને સ્પેશ્યલ પોકસો કોર્ટમાં કાર્યવાહીનું બે વકિલો દ્વારા પેન કેમેરા અને મોબાઈલ થી ગેરકાયદેસર રીતે રેકોર્ડીંગ કરી હોવાની એડી.સેશન્સ જજને શંકા જતા બન્ને વકિલને અટકમાં લેવા પટાવાળાને સુચના આપી હતી. પટાવાળા સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ જાંબુડી ગામે કોર્ટ સંકુલમાં એડી.સેશન્સ જજ એચ.બી.ત્રિવેદી કોર્ટ એડી.ડિસ્ટ્રીકટ સેશન્સ કોર્ટ અને સ્પો.પોકસો કોર્ટમાં કેશ કાર્યવાહી ચાલતી હતી. ત્યારે બે વકિલ જીગ્નેશ જોશી, અને પરવેઝ રશેખ ઓ ભેગા મળીને કોર્ટ કાર્યવાહીનું પેન કેમેરા તથા મોબાઈલ કેમેરાથી વિડીયો રેકોર્ડીંગ કરી રહ્યા હતા. એડી.સેશન્સ જજ એચ.બી. ત્રિવેદી ન્યાયીક કાર્યવાહી કરતા હોય ત્યારે ઈરાદા પૂર્વક અપમાન કર્યું હતું. બન્ને વકિલોને અટકમાં લેવા પટાવાળા યશ સોલંકીને સુચના આપતા યશ સોલંકી બન્ને આરોપી વકિલોને રોકવા પટાવા યશ સોલંકી સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ધરપકડથી બચીને નાશી છુટીયા હતા. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે આરોપી વકિલ જીગ્નેશ જોશી અને પરવેઝ શેખ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

કાલોલ તાલુકાના પરૂણા ગામે ગોમા નદીમાં લીઝ ફળવાતા અને લીઝ ધારક હિટાચી સાથે રેતી કાઢવા પહોંચતા ગ્રામજનોએ વિરોધ કર્યો પ્રાંત અધિકારી પહોંચી મામલો ઠાળે પાડયો

કાલોલ,

કાલોલ તાલુકાના પરૂણા ગામે ગોમા નદીમાં ફાળવવામાં આવેલ લીઝ ધારકોને લીઝ માંથી રેતી કાઢવા માટે હિટાચી મશીન લાવવામાં આવતાં ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવતાં પ્રાંત અધિકારી સ્થળ ઉપર દોડી આવ્યા હતા સાથે રેતીની લીઝ ધરાવતા લોકોને હિટાચી મશીન સાથે પરત મોકલી આપતાં મામલો ઠાળે પાડવામાં આવ્યો હતો.

કાલોલ તાલુકાના પરૂણા ગામે ગોમા નદી માંથી રેતી ખનન મુદ્દે ગ્રામજનો અગાઉ પણ વિરોધ કરી ચુકયા છે અને પરૂણા ગામમાં રેતીની લીઝ ફાળવવાને આવે તેમજ આ ગામ માંથી રેતીનું ખનન કરવા દેવા માટે ગ્રામજનો મકકમ હતા. ત્યારે આજરોજ પરૂણા ગામે ગોમા નદીમાં બે લીઝ ફળવાઈ હોય તેવા લીઝ ધારકો રેતી કાઢવા માટે હિચાટી મશીન સાથે પહોંચ્યા હતા.ત્યાર ગ્રામજનો દ્વારા રેતી નહિ કાઢવા દવા માટે એકઠા થઈ ગયા હતા. જેને લઈ લીઝ ધારક અને ગ્રામજનો વચ્ચે રેતીની લીઝ મુદ્દે તકરાર વધે તેમ હોય જેને લઈ પ્રાંત અધિકારી પરોલી ગામ ખાતે દોડી આવ્યા હતા અને લીઝ ધારકને ગ્રામજનો વચ્ચે સમજાવટ કરીને રેતી ખનન માટે લવાયેલ હિટાચી મશીન પરત મોકલી આવતાં મામલો ઠાળે પાડયો હતો.

મોરવા(હ)ના વાડોદર ગામે દિવાથી છાપરામાં આગ લાગતા ઘરવખરી અને બાઈક બળીને ખાખ

ગોધરા,

મોરવા(હ)તાલુકાના વાડોદર ગામે ઘરમાં જમી પરવારીને નજીક બનાવેલ છાપરામમાં સુવા ગયા હતા ત્યાં લાઈટની સુવિધા ન હોવાથી દિવો સળગાવીને મુકયો હતો તેની ઝાટ કપડામાં લાગતા આગ લાગી હતી. જેમાં ઘરવખરીનો સામાન અને બાઈક બળી જતાં નુકસાન થવા પામ્યુ હતુ. પ્રાપ્ત માહિતી મુજબ મોરવા(હ)તાલુકાના વાડોદર ગામે રહેતા જનાભાઈ શકરાભાઈ નાયક એ ઘરમાં જમીન પરવારીને ઘર નજીક બનાવેલ છાપરામાં સુવા ગયા હતા ત્યાં લાઈટની સગવડ ન હોવાથી જેથી દિવો સળગાવીને મુકેલ હતો તેની બાજુમાં કાંડા ઉપર મુકેલ કપડામાં આગ લાગી છાપરામાં આગ પ્રસરી જતાં ઘરવખરી અને બાઈક આગમાં બળી જતાં નુકસાન થતાં આ અંગે મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરાના ગોઠડા ટીંબા રોડ ઉપર ખાણ ખનિજ વિભાગે ચેકીંગ કરી ઓવરલોડ રેતી અને કપચી ભરી જતા બે ટ્રક ૬૦ લાખના મુદ્દા સાથે ૩ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમ ગોધરા તાલુકાના ટુવા ફાટક પાસેથી ઓવરલોડ રેતી અને કપચી ભરી જતાં બે ટ્રક મળી ૬૦ લાખના મુદ્દામાલ સાથે ૩ ઈસમોને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લા ખનિજ માફિયાઓ ખનિજ ચોરી કરવામાં બેફામ બન્યા છે. ત્યારે આવી ખનિજ ચોરી અટકાવવા માટે જીલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા પણ અવારનવાર ચેકીંગ કરીને ગેરકાયદેસર ખનિજ વહન કરતાં વાહનો ઝડપી પાડવામાં આવતા હોય છે. ગોધરા તાલુકામાં ગોઠડા, ટીંબા રોડ તેમજ ટુવા ફાટક પાસે ગેરકાયદેસર કપચી અને રેતીનું વહન કરવામાં આવતી હોવાની ફરિયાદ આધારે ખાણ ખનિજ વિભાગની ટીમના ચેકીંગ દરમિયાન ગોઠડા ટીંબા રોડ ઉપરથી આવેલ લોડ રેતી ભરેલ ટ્રક તેમજ ટુવા ફાટક પાસેથી ઓવરલોડ કપચી ભરેલ બે ટ્રક મળી અંદાજીત ૬૦ લાખના મુદ્દામાલ સાથે ૩ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ ખનિજ વિભાગે બે ટ્રક ગોઠડા ગામે સીઝ કરી દંડનિય કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરા પરવડી બાયપાસ રોડ કોટડા બ્રિજ ઉપર બાઈક પર પાછળ બેઠેલ ૩૦ વર્ષિય મહિલા પડી જતાં ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના પરવડી બાયપાસ રોડ કોટડા બ્રિજ ઉપર બાઈક ચાલક પુરઝડપે પસાર થતો હોય દરમિયાન બાઈક પાછળ બેઠેલ મહિલાને રોડ ઉપર પાડી દેતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના પરવડી બાયપાસ રોડ કોટડા બ્રિજ પાસેથી બાઈક નં.જીજે-૧૭-બીઆર-૫૮૨૩ રાકેશભાઈ અર્જુનભાઈ બારીયા પસાર થઈ રહ્યા હતા. તેમની બાઈક પાછળ તેમની પત્નિ કપીલાબેન બારીયા(ઉ.વ.૩૦)બેઠેલ હતા ત્યારે બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા પાછળ બેઠેલ કપીલાબેન બાઈક ઉપરથી નીચે રોડ પર પડી જતાં કપીલાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા દવા સારવાર માટે ગોધરા સિવિલમાં ખસેડતા સારવાર દરમિયાન કપીલાબેનનુ મોત નીપજવા પામ્યુ હતુ. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરા તાલુકાના ગોલ્લાવ ગામે ઝગડાની અદાવતે આરોપીઓએ ફરિયાદીના ઘર ઉપર હુમલો કરી સળગાવી દેવાના ગુનામાં ૧૧ આરોપીઓને ૧૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના ગોલ્લાવ ગામે ૨૦૧૪માં ઝગડો તકરાર કરી અદાવત રાખીને તું પોલીસનો બાતમીદાર છે અને સરપંચ પદેથી હટાવવા માટે દ્વેષભાવ આરોપીઓ દ્વારા ફરિયાદ પર હુમલો કરી ઘર સળગાવી દેવાના ગુનામાં ગોધરા તાલુકા પોલીસ મથકે ગુનામાં ૩૫ આરોપી વિરૂદ્ધ ફરિયાદનો અને ચાર્જશીટ રજુ કરતાં જીલ્લા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજની કોર્ટમાં સુનાવણી હાથ ધરતાં ૧૧ આરોપીઓને તકસીરવાન ઠરાવીને ૧૦ વર્ષની કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો.

ગોધરા તાલુકાના ગોલ્લાવ ગામે ૨૦૧૪માં ફરિયાદછી સાથેના ઝગડાની અદવાત રાખી તેમજ તું પોલીસનો બાતમીદાર છે. તેમ કહી આરોપીઓએ ફરિયાદીએ સરપંચ પદે હટાવવા માટે દ્વેષભાવ રાખી આરોપીઓના સગાં સુરતસિંહને ત્યાં પોલીસની રેઈડ કરાવી છે. તેવા આરોપ મુકયા હતા અને ફરિયાદીના ઘરે બે પોલીસ કર્મચારીઓ હાજર હતા. ત્યારે ૩૫ જેટલા આરોપીઓ ગેરકાયદેસર મંડળી મારક હથિયારો સાથે ઘરોમાં ઘસી આવ્યા હતા અને ફરિયાદીને ધારીયા લોખંડની પાઈપ અને લાકડી વડે ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ અંગે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી. પોલીસે ૩૫ આરોપીઓને પકડી પાડયા હતા અને તપાસ કરી ચાર્જશીટ કોર્ટમાં મુકી હતી. આ કેશ જીલ્લા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ પી.વી.વાસ્તવની કોર્ટમાં ચાલી જતાં રેકર્ડ પુરાવા અને સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની દલીલોને ધ્યાને લઈ આરોપીઓ મહેન્દ્રસિંહ રતનસિંહ પરમાર, માધવસિંહ લક્ષ્મણસિંહ સોલંકી, ધમેન્દ્રસિંહ સુરતસિંહ પરમાર, સંજયસિંહ સુરતસિંહ પરમાર, હિતેશકુમાર જસવંતસિંહ પરમાર, જગદીશસિંહ ખુમાનસિંહ પરમાર, અશ્વિનસિંહ કનકસિંહ પરમાર, સુધીરકુમાર કનકસિંહ પરમાર તેમજ ચંદ્રસિંહ ઉદેસિંહ પરમારને તકસીરવાન ઠેરવીને આરોપીઓને ૧૦ વર્ષની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો તેમજ ૯૦ હજાર રૂપીયા ભોગ બનનારોને ચુકવી આપવા હુકમ કરવામાં આવ્યો.

શહેરા પાલિકા નજીક લાખોના ખર્ચે બનેલ જાહેર શૌચાલયને લાગેલ તાળા ખોલવામાં આવે તે જરૂરી

શહેરા,

શહેરા નગરપાલિકા કચેરીથી થોડે દૂર પાણીના સંપની ની સામે લાખો રૂપિયાના ખર્ચે બનાવેલ જાહેર શૌચાલયને પાછલા એક વર્ષ ઉપરાંતથી ખંભાત થી તાળા લાગેલ છે. પાલિકા દ્વારા આ જાહેર શૌચાલય ના દરવાજા ઉપર લાગેલ તાળા ખોલવામાં આવેતો પસાર થતા રાહદારીઓ ઉપયોગ કરી શકે તેમ છે.શહેરા નગરપાલિકા કચેરીથી થોડે દૂર પાણીના સંપની સામે પસાર થતા નાડા રોડને અડીને પાલિકા દ્વારા વર્ષો પહેલા લાખો રૂપિયાના ખર્ચે જાહેર શૌચાલય બનાવવામાં આવ્યું હતું. જોકે લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં આ જાહેર શૌચાલય કોઈ ઉપયોગમાં લઈ ન શકે એવી પરિસ્થિતિ હાલ જોવા મળવા સાથે દરવાજાને ખંભાતી તાળા લાગેલ જોવા મળી રહ્યા હતા. જોકે, આ રસ્તા ઉપર લોકોની અવરજવર પણ રહેતી હોય ત્યારે પાલિકા તંત્ર દ્વારા આ જાહેર શૌચાલયને લોકો ઉપયોગ કરી શકે તે માટે વિચારવું જોઈએ તે પણ જરૂરી છે. આ શૌચાલય રાહદારીઓ માટે શોભાના ગાંઠિયા સમાન બની રહ્યું હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈને આ જાહેર શૌચાલય લોકઉપયોગી બને એ માટે દરવાજા પર લાગેલ ખંભાતી તાળા ખોલવામાં આવે તો રાહદારીઓ પણ આનો ઉપયોગ કરી શકે તો નવાઈ નહી.

ગોધરા ગોવિંદી રોડ શ્યામલ સોસાયટીના બંધ મકાનમાંથી ૨૩ હજારના ચાંદીના દાગીનાની ચોરી કરતા તસ્કરો

ગોધરા,

ગોધરા ગોવિંદી રોડ શ્યામલ સોસાયટીના બંધ મકાનને ચોર ઈસમોએ નિશાન બનાવી દરવાજાનુ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાંથી ચાંદીના દાગીના કિ.રૂ.૨૩,૩૫૩/-ની ચોરી કરી જતાં ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા શહેરના ગોવિંદી રોડ શ્યામલ સોસાયટીમાં હરીશભાઈ ચંદુભાઈ બારીયાના બંધ મકાનને ચોર ઈસમોએ નિશાન બનાવ્યુ હતુ. ઘરના દરવાજાનુ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાં રાખેલ ચાંદીના છડા, ચાંદીનુ મંગળસુત્ર, ચાંદીનો આંકડો, ચાંદીના સિકકા મળી કુલ ૨૩,૩૫૩/-રૂપિયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

ઘોઘંબાના ખરોડ ગામે ગાયની લોનના નામે લાખો રૂપિયા ખંખેર્યા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે જયોતિધામ ચલાવતો અને પોતાને મહારાજ ગણાતો કલ્યાણદાસ મહારાજ નામથી ઓળખાતી કલસીંગ ધનાભાઈ રાઠવાએ આસપાસના ગામના ગરીબ લોકોને તબેલા અને ગાફ અપાવવાની લાલચ આપીને લાખો રૂપિયા ઉઘરાવ્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

જયોતિધામ નામની સંસ્થા ચલાવતા કલસીંગ રાઠવા અને તેના શિષ્ય મારફતે લોકોને લાલચ આપીને તબેલા અને ગાયની સહાય સરકારમાંથી મળે છે તેના માટે શરૂઆતમાં પૈસા ભરવા પડશે બાદમાં સહાય મળી જાય પછી તમે આપેલા નાણાં પરત મળી જશે તેમ કહીને લોકોને વિશ્વાસમાં લઈને અનેક લોકો પાસેથી લાખો રૂપિયા ઉઘરાવી લઈને સામે ચેક આપ્યા હતા. પણ સરકારની ગાય માટેની સહાય ન આવતા લોકો છેતરાયા હોવાનો અહેસાસ થતાં કલસીંગ રાઠવા પાસે નાણાંની ઉઘરાણી કરી હતી પણ તે ગલ્લા તલ્લા કરતો હતો. જેથી પોલીસ મથકે આક્ષેપ કરતી અરજી બે-ત્રણ વાર આપી હતી. પોલીસ સુધી મામલો પહોંચતા નાણાં આપવાની બાંહેધરી આપી ચુકવ્યા નથી. વૈભવી ઠાઠથી રહેણી કરણી કરતો કલસીંગ રાઠવા વિધિ કરીને લોકોને વિશ્વાસ જીતી સંસ્થા મારફતે સહાય અપાવીશ ની લાલચ આપીને લાખો રૂપિયા ખંખેર્યા હોવાની પોલીસ મથકે અરજી કરવા છતાં પોલીસ કાર્યવાહી કરતી નહિ હોવાનો આક્ષેપ ભોગ બનનાર લોકો કરી રહ્યા છે ત્યારે કલસીંગ સામે પોલીસ કયારે કાર્યવાહી કરશે ?

કાલોલ તાલુકાના વ્યાસડા ગામે આર.ટી.આઈ. કરનાર ઉપર હુમલામાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના વ્યાસડા ગામના વિકાસના કામોમા ભ્રષ્ટાચાર બાબતે છેલ્લા ઘણાં સમયથી રજૂઆતો અને આવેદનપત્ર આપવામાં આવેલા છે. કાલોલ તાલુકાના માજી પ્રમુખ જયદેવસિંહ ઠાકોર જયારે સત્તા ઉપર હતા. ત્યારથી આ ગામમાં શૌચાલય તેમજ રોડ-રસ્તાના કામોમાં ભારે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો તેઓના જ ગામના ગ્રામજનો દ્વારા કરવામાં આવેલા છે. ગ્રામજનોને મિડીયા બોલાવી સમગ્ર બાબતને ઉજાગર કરી હતી. જેની તંત્ર દ્વારા તપાસ કરતા પુનઃ યોગ્ય રીતે તપાસ કરાવવા ની પણ માંગ ઉઠી હતી. ત્યારે હાલમાં લોકસભાની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે જીલ્લાના મોટા રાજકારણીઓ સાથે ઘરોબો રાખતા માજી પ્રમુખ સહિત ૧૮ વ્યકિતઓ સામે ગેરકાયદે મંડળી બનાવી એક સંપ કરી મારક હથિયારો સાથે મારામારી કરી તોડફોડ કરવાનો બનાવની ફરિયાદ નોંધાયેલ છે. નુપેશસિંહ પ્રતાપસિંહ પરમાર રહે. વ્યાસડા નિશાળ ફળીયુ તા.કાલોલ જી.પંચ અને હાલોલ જી.આઈ.ડી.સી મા આવેલ લક્કી ઈન્ડસ્ટ્રીજ કંપનીમાં સી.એન.સી, ડીપાર્ટમેન્ટમાં ઓપરેટર તરીકે ખાનગી નોકરી કરતા ઈસમે વેજલપુર પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદની વિગતો જોતા તા.૩૧/૦૫/૨૦૨૪ ના રોજ સાંજના કંપનીમાંથી છૂટીને ૦૮/૩૦ કલાકે આવીને તેઓ જમવા બેઠા હતા. તે સમયે તેમના કુટુંબી ભત્રીજા અનીકિતસિંહ શૈલેદ્રસિંહ ઠાકોરનાઓએ ફોન કરી વાત કરેલ કે, ગામમાં પરબડી ઉપર મારી સાથે તકરાર થયેલ છે, તેવી વાત કરતા ગામમા પરબડી ઉપર જઈ ને ત્યા જઈને જોયેલ તો આશરે પંદરથી વીસ માણસોનુ ટોળુ તેમના ભત્રીજા અનીકિતની આજુબાજુમા મારક હથીયારો લઈને ઉભા હતા. ભત્રીજાને શું થયુ તેમ પુછતાની સાથે જ કાલોલ તાલુકા પંચાયતના માજી પ્રમુખ જયદેવસિંહ રણજીતસિંહ ઠાકોરએ કહેલ કે તને ગ્રામ પંચાયતમાં કામોને લગતી આર.ટી.આઈ. કરવાનો અને અમારી વિરૂધ્ધ પોસ્ટો મુકવાનો બહુ શોખ છે, તો આજે તમારા બન્નેના ટાંટીયા તોડી નાખવાના છે અને જાનથી મારી નાખવાના છે, તેમ કહેતાની સાથે ત્યાં ઉભેલા રવિન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ ઠાકોરએ મારા ભત્રીજાનું ગળું દબાવી તથા જયદ્રથસિંહ કિરમીતસિંહ ઠાકોર સ્ટમ્પ વડે તથા પ્રદ્યુમન સિંહ કિમીતસિંહ ઠાકોર બેટ વડે તથા દેવેન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ ઠાકોર નીલગીરીના ઠંડા વડે હુમલો કરેલ હતો તથા કૌશીકસિંહ દિલીપસિંહ રાઉલજીએ પણ તેઓના ભત્રીજાને માર મારેલ હતો. ભત્રીજ ને છોડાવતા હતા. ત્યારે કૌશીકસિંહ રાઉલજી નાએ ફરિયાદીને ગાલના ઉપરના ભાગે થપ્પડો મારેલ તેમજ બરડાના ભાગે ગડદાપાટુ મારેલ અને સાથેના વાસુરાજસિંહ ધર્મેન્દ્રસિંહ ઠાકોરએ પીઠ પાછળ પાવડાના ઘા મારેલ હતા તથા પરબડીના બાકડા આગળ ઉભેલા પ્રહલાદસિંહ વનરાજસિંહ ઠાકોરે આ બનાવ નજરે જોયો હતો. ત્યાર બાદ વધારે મારની બીકથી તેઓ તેમના ભત્રીજાને લઈ ઘરે જતા રહેલ અને ઘરે સંતાઈ ગયેલ હતા. ત્યાર પછી માજી પ્રમુખ જયદેવિસંહ રણજીતસિંહ ઠાકોર તથા ગજેન્દ્રસિંહ કેશરીસિંહ ઠાકોર તથા જયેન્દ્રસિંહ રણજીતસિંહ ઠાકોર તથા મહીપાલસિંહ પ્રતાપસિંહ ઠાકોર તથા ધમેન્દ્રસિંહ જશવંતસિંહ ઠાકોર તથા અર્જુનસિંહ પ્રતાપસિંહ ઠાકોર (ગુજરાત સમાચાર નો પત્રકાર) ટોળુ વળી બુમ બરાડા સાથે કલકારીઓ કરી બિભત્સ ગાળો બોલતા બોલતા ફરિયાદીના ઘરે આવેલ તેમા જયદેવસિંહ રણજીતસિંહ ઠાકોર તેપુ કહેલ કે આ બન્નેને ઘર માંથી બહાર કાઢો તેમને અમારા વિરૂધ્ધ ગ્રામ પંચાયતમાં આર.ટી.આઈ. કરી ભ્રષ્ટાચાર અભિયાન ચલાવવાનો અને અમારી ઉપર પોસ્ટો મુકવાનો બહુ શોખ છે, તેમ બિભત્સ ગાળો બોલેલ હતા. આ વાતનું સમર્થન ગજેન્દ્રસિંહ કેસરીસિંહ ઠાકોર નાઓએ આપેલ હતું. ત્યા ઉભેલા ઈન્દ્રજીતસિંહ પ્રતાપસિંહ ઠાકોર ફરિયાદીના ઘરનો દરવાજો બંધ હોવાથી બિભત્સ ગાળો બોલીને દરવાજાને લાતો મારી તોડવાનો પ્રયાસ કરેલો તથા મહીપાલસિંહ પ્રતાપસિંહ ઠાકોરનાએ ધારીયા વડે ઘરનું વિજ મીટર તથા ટુબલાઈટો તોડી લાઈટ બંધ કરી દીધેલ હતું તથા કુણાલસિંહ હૈમેન્દ્રસિંહ ઠાકોરે સ્ટમ્પ વડે તથા ભવ્યરાજસિંહ ઈન્દ્રજીતસિંહ ઠાકોર સ્ટમ્પ વડેતથા વિશ્વજીતસિંહ ગુલાબસિંહ ઠાકોર નીલગીરીના ડંડા વડે તેમના ઘરના ઘર વખરીનો સામાનની તોડ ફોડ કરેલ હતી. ગજેન્દ્રસિંહ ઠાકોર તથા ઈન્દ્રજીતસિંહ ઠાકોર તથા અન્ય ઈસમોએ ઘરને આગ લગાવવાનું જાણાવેલ હતું. તેમાં રાહુલસિંહ દીલીપસિંહ રાઉલજી તથા ભવ્યરાજસિંહ ઈન્દ્રજીતસિંહ ઠાકોરનાએ માત્ર ઘરને આગળના ભાગે આગથી સળગાવી હતી. તેવામાં ફરિયાદી ની માતા જે આ બનાવને રોકવા માટે જતાં તેમની માતાને જયેન્દ્રસિંહ રણજીતસિંહ ઠાકોર તથા ધર્મેન્દ્રસિંહ જશવંતસિંહ ઠાકોરે ધક્કો મારી નીચે પાડી દિધેલ હતા. ત્યાં ઉભેલા રમીલાબેન દિલિપસિંહ રાઉલજી દાતરડુ તેમની માતાના ઉભા રાખીને ગેબી માર માર્યો હતો તથા કૌશીકસિંહ દિલીપસિંહ રાઉલજી ડંડા વડે ઘરની બારીમાંથી બિભત્સ ગાળો બોલી દંડા થી તોડફોડ કરી ત્યારબાદ અર્જુનસિંહ પ્રતાપસિંહ ઠાકોર પત્રકાર તથા અન્ય ઈસમો ઘર ઉપર પથ્થર મારો કરેલ હતો. આમ, બધા એકબીજા સાથે મળી ભયભીત વાતાવરણ ઉભું કર્યું હતું ત્યાં ઉપેદ્રસિંહ ભગવાનસિંહ ઠાકોરે આ બનાવ નજરે જોએલ હતો. ફરિયાદી તેની પત્નિ સુમનબેન નૃપેશસિંહ પરમાર તથા તેમનો ભત્રીજો અનીકિતસિંહ શૈલેદ્રસિંહ ઠાકોર રડવા લાગેલ તેવામાં નૃપેશસિંહે સ્વરક્ષણ માટે ૧૦૦ નંબર ઉપર ફોન કરી પોલીસ બોલાવતા થોડીવારમાં પોલીસ ઘરે આવેલ હતી, તે પછી તેમની માતાને શરીરે ગેબી માર વાગેલ હોય જેથી ૧૦૮ ને ફોન કરી બોલાવતા થોડી વારમાં ૧૦૮ આવતા તેમાં તેઓને તેમના ભાભી રાજેશ્વરીબેન શૈલેશસિંહ ઠાકોર નાઓ ગોધરા સિવીલ હોસ્ટપીટલમા દવા સારવાર માટે લઈ ગયેલ અને દવા સારવાર કરાવી ઘરે લાવેલ હતા. ત્યારબાદ આ બનાવ સબંધમાં વેજલપુર પોલીસ મથકે અરજી આપેલ અને હાલ ફરિયાદ નોંધાવતા કાલોલ તાલુકાના રાજકીય મોરચે ખળભળાટ મચી જવા પામ્યો છે.